RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર


MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year-16, Issue-51 ■ DATE : 06-06-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

**સુવિચાર**

સંબંધોની સિલાઇ જો ભાવનાઓથી થઇ હશે તો એનું તૂટવું મુશ્કેલ છે અને જો સ્વાર્થથી થઇ હશે તો એનું ટકવું મુશ્કેલ છે...



ધોરાજીમાં થયેલી ચોરીનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલાયો: રૂ.૧.૫૦ લાખની મત્તા સાથે તસ્કરની ધરપકડ P-4

# મુખ્યમંત્રી આજે રાજકોટમાં: ૫૫૭ કરોડના વિકાસ પ્રકલ્પોની શહેરને મળશે ભેટ



**ખીરસરા-લોધીકા રોડ ટનાટન બનાવાયો, ૧૦૫ કરોડના ખર્ચે નવા રસ્તા-પૂલ બનશે: રૂડા દ્વારા ૬ કરોડના ખર્ચે તરઘડીથી બાઘી સુધી બિટ્યુમિનલ રોડ બનશે: ૬૬ કેવીના ૭ સબ સ્ટેશનોનું લોકાર્પણ, ૪ લાખ લોકોને ૧૦૦ લીટર પાણી યોજના: ઝનાના હોસ્પીટલમાં ૧૪ કરોડના ખર્ચે મલ્ટીલેવલ કાર પાર્કીંગ સુવિધા: ૫૧ કરોડના ખર્ચે કોર્પોરેશનના ૧૭ વિકાસ કામોનું લોકાર્પણ**

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાંજે રાજકોટના પ્રવાસે આવી રહ્યા છે. આ તકે મુખ્યમંત્રીશ્રીના હસ્તે રાજકોટ શહેર-જિલ્લામાં થયેલા રૂ. ૩૪૩.૩૯ કરોડના ૧૩ વિકાસ કામોનાં લોકાર્પણ તથા રૂ. ૨૧૩.૭૯ કરોડના ૨૮ વિકાસ કામોનાં ખાતમુહૂર્ત કરવામાં આવશે. આમ શહેર-જિલ્લાને કુલ રૂપિયા ૫૫૭.૧૮ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ મળશે.

રાજકોટના પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે સાંજે ૪ કલાકથી આ લોકાર્પણ-ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાશે. જેમાં રાજકોટના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ, જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબહેન બાબરીયા, મેયર નયનાબહેન પેઢડિયા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબહેન રંગાણી, સાંસદો સર્વ પરશોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરિયા, કેસરીદેવસિંહ ઝાલા, ધારાસભ્યો સર્વ ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબહેન શાહ, જયેશભાઈ રાદડીયા, ગીતાબા જાડેજા, ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, દુર્લભજીભાઈ દેથરીયા, જીતુભાઈ સોમાણી વગેરે ઉપસ્થિત રહેશે.

રાજકોટ જિલ્લાના શહેરી, ગ્રામીણ, વાણિજ્ય, ઔદ્યોગિક તથા કળષિ વિસ્તારોને અવિરત વીજ પુરવઠો પુરો પાડવા, ગુજરાત ઊર્જા પરિવહન નિગમ દ્વારા રૂ. ૨૩૮.૧૧ કરોડના ખર્ચે ૬૬ કે.વી.ના નવા સાત સબ સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

જિલ્લાના છેવાડાના વિસ્તારોના નાગરિકોને દરરોજ માથાદીઠ ૧૦૦ લીટર પાણી મળી રહે તે માટે નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા રૂ. ૮૪.૨૯ કરોડના ખર્ચે મોવિયા, મચ્છુ-૧ અને પડધરી એમ ત્રણ જૂથ પાણી પુરવઠા યોજનાના વિસ્તરણનાં કામો સંપન્ન થયા છે. આ ત્રણ જૂથ યોજનાઓ થકી રાજકોટ, વાંકાનેર, ગોંડલ, કોટડાસાંગાણી, પડધરી, લોધિકા અને ધ્રોલ તાલુકાનાં ૧૩૨ ગામ-નગરોના આશરે ૩.૭૦ લાખથી વધુ લોકોને માથાદીઠ ૧૦૦ લીટર પાણી નિયમિત મળશે. જસદણ ખાતે આશરે સાત એકરમાં રૂ.૮.૪૦ કરોડના ખર્ચે તાલુકા કક્ષાનું રમત સંકુલ નિર્માણ પામ્યું છે.

રાજ્યના માર્ગ મકાન વિભાગ દ્વારા ખીરસરા-લોધિકા રોડનું રૂ. ૬.૬૮ કરોડના ખર્ચે રિ-સરફેસિંગ કરવામાં આવ્યું છે. રાજકોટ મહાનગર પાલિકા દ્વારા રેસકોર્સમાં રૂ. ૫.૯૧ કરોડના ખર્ચે અદ્યતન આર્ટ ગેલેરીનું નિર્માણ કરાયું છે. આ તમામ પ્રકલ્પોનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ થશે.

રાજકોટ જિલ્લામાં પાંચ માર્ગો તથા બ્રિજનું રૂ. ૧૦૫.૯૧ કરોડના ખર્ચે નવીનીકરણ કરવામાં આવશે. જે અંતર્ગત લોધિકા- રીબડા - કોટડા સાંગાણી રોડ, રામપર - સરપદડ - ખીરસરા રોડ, કોઠારિયા - કોટડા સાંગાણી રોડ, જસદણ - ભડલી-ગઢડા રોડ, ધોરાજી-પાટણવાવ રોડનું મજબૂતીકરણ તથા રિ-સરફેસિંગ કરાશે. તેમજ ગોંડલ ખાતે હોસ્પિટલ બ્રિજ તથા સરદાર બ્રિજનું પુનઃ નિર્માણ કરાશે.

રાજકોટ શહેરના નાગરિકોને વધુ સુવિધાઓ આપવાના હેતુથી મહાનગરપાલિકા દ્વારા રૂ. ૫૦.૫૨ કરોડની રકમનાં ૧૭ વિકાસ કામો હાથ ધરાશે. જે અંતર્ગત પ્રાથમિક શાળા માટે નવું બિલ્ડિંગ, આંગણવાડીનું બાંધકામ, નવા ફિલ્ટર પ્લાન્ટ અને વરસાદી પાણી થકી ભૂગર્ભ જળ સંચય જેવા કાર્યો અને પર્યાવરણ સંરક્ષણના કામો કરવામાં આવશે. આ સાથે શહેરના વિવિધ વોર્ડમાં ડ્રેનેજ, કચેરીઓના રી-કન્સ્ટ્રક્શન, પેવિંગ બ્લોક, ભૂગર્ભ ગટર, રસ્તા અને વોટરવર્કસ્? નેટવર્કને વધુ મજબૂત કરવાનાં કામો કરાશે.

જિલ્લામાં આરોગ્ય સુવિધાને વધુ સુદ્રઢ બનાવવા રૂ. ૪૬. ૩૧ કરોડનાં વિકાસ કામો હાથ ધરાયા છે. જસદણના સામુદાયિક આરોગ્ય કેન્દ્રને રૂ. ૩૨.૧૨ કરોડના ખર્ચે સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ તરીકે અપગ્રેડ કરવામાં આવશે. ઉપરાંત રાજકોટની મેટરનિટી એન્ડ ચાઈલ્ડ હોસ્પિટલમાં દર્દીઓ અને તેમના પરિવારોની સુવિધા માટે મલ્ટી લેવલ કાર પાર્કિંગની સુવિધા રૂ. ૧૪.૧૯ કરોડના ખર્ચે ઊભી કરાશે.

# RBIએ આપી મોટી ભેટ: રેપોરેટમાં ૫૦ બેઝિસ પોઈન્ટનો કર્યો ઘટાડો

**સતત ત્રીજી ધિરાણ સમીક્ષા બેઠકમાં વ્યાજદરમાં ઘટાડો કરાયો: પાંચ માસમાં કુલ ૧૦૦ બેઝીસ પોઈન્ટ વ્યાજ ઘટ્યું**

**મુખ્ય સમાચાર, મુંબઈ**

રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા એક મોટા નિર્ણયમાં રેપોરેટમાં ૫૦ બેઝીસ પોઈન્ટનો ઘટાડો કરીને નવો બેઝીસ વ્યાજદર ૫.૫૦ ટકા કર્યો છે. આરબીઆઇ ગર્વનર સંજય મલ્હોત્રાના વડપણ હેઠળ છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી આરબીઆઇ મોનેટરી પોલીસી બેઠકના અંતે આજે આ ઘટાડોની જાહેરાત કરી હતી.




રીઝર્વ બેંકે આ રીતે સતત ત્રીજી વખત વ્યાજદર ઘટાડયો છે. જયારે આરબીઆઇ પાસે ૨૫ બેઝીસ પોઇન્ટ ઘટાડાની આશા હતી. આ અગાઉ આરબીઆઇએ ફેબ્રુઆરી અને એપ્રિલમાં ૨૫ -૨૫ પોઇન્ટ બેઝીસ ઘટાડયા છે. તેના કારણે છેલ્લા પાંચ માસમાં ત્રીજી વખત રેપોરેટ ઘટાડી કુલ એક ટકાનો ઘટાડો થતા આગામી દિવસોમાં હાઉસીંગ ઓટો સહિતની લોન સસ્તી થશે.

આરબીઆઇના નિર્ણયથી આગામી સમયમાં તમામ પ્રકારના ધિરાણ સસ્તા થશે. રીઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ વધુ એક સરપ્રાઇઝ આપતા બેંકોમાં લીકવીડીટી વધારવા માટે કેશ રીઝર્વ રેશીયો બેંકોને દર સપ્તાહના અંતે ચોકકસ રોકડ રકમ રાખવાની આવશ્યકતા રહે છે તેમાં ૧૦૦ બેઝીસ પોઇન્ટનો ઘટાડો કર્યો છે.

જોકે તે ચાર તબકકામાં લાગુ થશે અને સપ્ટેમ્બર-૨૦૨૫ સુધીમાં તે અમલી બની જશે. આ આરબીઆઇએ બેંકો અને ધિરાણ લેનારને ડબલ ગીફ્ટ આપી છે. રીઝર્વ બેંકે ફુગાવોનો અંદાજ વધુ ઘટાડયો છે અને જણાવ્યું હતું કે સારા ચોમાસાના કારણે આગામી સમયમાં ફુગાવો ૩.૭૦ ટકા હાલ હોવાનું જણાવ્યું હતું અને તે ૩.૪૦ ટકા જેટલો નીચો જશે તેવો અંદાજ આપ્યો છે.

આરબીઆઇ માટે ફુગાવાનો ચાર ટકાનો દર અર્થતંત્ર માટે સારો ગણાય છે. પરંતુ આરબીઆઇના જણાવ્યા મુજબ ભવિષ્યની પોલીસી નકકી કરવા માટે તે હજુ અનેક આંતરરાષ્ટ્રીય ફેકટરોની રાહ જોશે રીઝર્વ બેંકે બીજી તરફ વિકાસ દર ૬.૫ ટકા રહેશે તેવો અંદાજ મુકયો છે.

રીઝર્વ બેંકે આ રીતે વ્યાજદરમાં ઘટાડો કરતા આગામી દિવસોમાં થાપણોનો દર ઘટશે. જોકે આરબીઆઇના જણાવ્યા મુજબ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ પર તેની સતત નજર છે અને હવે ઓગષ્ટ માસમાં આરબીઆઇ વ્યાજદર ઘટાડે તેવી શકયતા નહીંવત છે.

# ભારતમાં કોરોના વાઈરસના કેસોમાં ઝડપી ઉછાળો: સક્રિય કેસ ૫૦૦૦ને પાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં કોરોના વાયરસના કેસોમાં ફરીથી ઝડપી વધારો જોવા મળી રહ્યો છે, જે ચિંતાનો વિષય બન્યો છે. દેશમાં સક્રિય કેસોની સંખ્યા ૫,૦૦૦ને પાર કરીને ૫,૩૬૪ પર પહોંચી ગઈ છે. કોવિડ-૧૯ હવે ૨૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાઈ ચૂક્યો છે, જેમાં કેરળ સૌથી વધુ પ્રભાવિત રાજ્ય બન્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં આ મહામારીના કારણે કેરળમાં બે દર્દીઓના મોત થયા છે, જ્યારે કર્ણાટક અને પંજાબમાં પણ એક-એક દર્દીનું મૃત્યુ નોંધાયું છે.

આરોગ્ય મંત્રાલયના આંકડા મુજબ, કેરળમાં હાલમાં ૧,૬૭૯ સક્રિય કેસ છે, જે દેશમાં સૌથી વધુ છે. ત્યારબાદ ગુજરાતમાં ૬૧૫, પશ્ચિમ બંગાળમાં ૫૯૬, દિલ્હીમાં ૫૯૨ અને મહારાષ્ટ્રમાં ૫૪૮ સક્રિય કેસ નોંધાયા છે. કર્ણાટકમાં સક્રિય કેસોની સંખ્યા વધીને ૪૫૧ થઈ ગઈ છે, જ્યારે તમિલનાડુમાં આ આંકડો ૨૨૧ પર પહોંચ્યો છે. દિલ્હી, ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળમાં પણ કોરોનાના કેસો સતત વધી રહ્યા છે.

કોરોનાના સતત વધતા જતા કેસોને જોતા આરોગ્ય વિભાગ અને સરકાર એલર્ટ મોડમાં આવી ગયા છે. કેરળની હોસ્પિટલોમાં મોક ડ્રિલના આદેશ આપવામાં આવ્યા છે, જેથી કોઈ પણ કટોકટીનો સામનો કરવા માટે તૈયારી કરી શકાય. હિમાચલ પ્રદેશમાં હોસ્પિટલ પરિસરમાં માસ્ક ફરજિયાત કરવામાં આવ્યા છે, અને મંડીમાં કોવિડ માર્ગદર્શિકા લાગુ કરવામાં આવી છે. હોસ્પિટલોમાં આવતા પાંચ ટકા ઈન્ફ્લુએન્ઝા અને સો ટકા ગંભીર તીવ્ર શ્વસન બીમારી સંબંધિત દર્દીઓની કોરોના તપાસ કરાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. જો કોઈને શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં દુખાવો જેવા લક્ષણો અનુભવાય, તો નજીકના આરોગ્ય કેન્દ્રોમાં જાણ કરવા અપીલ કરવામાં આવી છે. કોરોનાના કેસો જે ઝડપથી વધી રહ્યા છે તેને લઈને લોકોને પહેલા કરતા વધુ સતર્ક અને જાગૃત રહેવાની જરૂર છે. આરોગ્ય વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે કે માત્ર માસ્ક પહેરવું અને હાથ ધોવા પૂરતા નથી, પરંતુ સ્વાસ્થ્યની નિયમિત દેખરેખ રાખવી પણ અત્યંત જરૂરી બની ગઈ છે. નિષ્ણાતોનું માનવું છે કે ભીડવાળા વિસ્તારોમાં જવાનું ટાળવું પણ અત્યંત મહત્વનું છે. સાવચેતી અને સાવધાન રહેવું જ આ મહામારી સામે લડવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

# મસ્કને 'મોંઘો' પડયો ટ્રમ્પ સાથેનો વિવાદ! ટેસ્લાને એક જ દિવસમાં ૧૫૨ અબજ ડૉલરનું નુકસાન

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

ગુરુવારે ઈલોન મસ્કની કંપની ટેસ્લાના શેરમાં ભારે ઘટાડો જોવા મળ્યો, જેના કારણે કંપનીની બજાર મૂડીમાં ૧૫૦ અબજ ડૉલરથી વધુનો ઘટાડો થયો. ટેસ્લાના શેરમાં આ ઘટાડો યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈલોન મસ્ક વચ્ચે વધતા વિવાદને કારણે થયો છે.



ઈલોન મસ્કને અમેરિકાના વિભાગના વડા તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી, પરંતુ ૪ જ મહિનામાં મસ્કે રાજીનામું આપી દીધું છે. તેમજ મસ્ક 'વન બિગ બ્યુટીફૂલ બિલ'નો વિરોધ કરતાં તેમની અને ટ્રમ્પ વચ્ચે વિવાદ વધી રહ્યો છે. જેના કારણે ટેસ્લાના શેર્સ ૧૪% થી વધુ ઘટીને બંધ થયા.

ટેસ્લાના શેરમાં આ ઘટાડો કંપની સંબંધિત કોઈ ચોક્કસ મુદ્દા અથવા ફંડામેન્ટલ્સને કારણે નહોતો, પરંતુ ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્ક અને ટ્રમ્પ વચ્ચેના વિવાદને કારણે થયો હતો. ગુરુવારે ટેસ્લાના શેર ૨૮૪.૭ પર બંધ થયા. તેમજ ટેસ્લાના શેર ૪૮૮.૫૪ના ઓલ ટાઈમ હાઈથી ૪૧% તૂટ્યા છે.

ગુરુવારે ટેસ્લાના શેરમાં થયેલા ઘટાડાના કારણે માર્કેટ કેપમાં ૧૫૨ અબજ ડૉલરનો ઘટાડો થયો હતો. એવામાં કંપનીનું માર્કેટ કેપ ૧ ટ્રિલિયન ડૉલરથી ઘટીને ૯૧૬ અબજ ડૉલર થયું. આ સાથે જ ટેસ્લાના માર્કેટ કેપમાં એક દિવસમાં આવેલો આ સૌથી મોટો ઘટાડો છે. જેના કારણે મસ્કની સંપત્તિમાં ૩૪ અબજ ડૉલરનો ઘટાડો થયો છે.

ટ્રમ્પ વહીવટીતંત્રના ટેક્સ-કટ અને ખર્ચના કાયદા વન બિગ બ્યૂટિફૂલ બિલ અંગે મસ્કની ટીકા બાદ આ વિવાદ શરૂ થયો હતો. જેના કારણે ડોનાલ્ડ ટ્રમ્પે મસ્ક સાથેના સરકારી કરારો રદ કરવાની ધમકી આપતાં કહ્યું હતું કે, 'આપણા બજેટમાં અબજો ડૉલર બચાવવાનો સૌથી સહેલો રસ્તો ઈલોનની સરકારી સબસિડી અને કોન્ટ્રાક્ટને સમાપ્ત કરવાનો છે.' મસ્કની કંપનીઓમાં સરકારી કોન્ટ્રાક્ટર સ્પેસએક્સ અને તેની સેટેલાઈટ યુનિટ સ્ટારલિંકનો સમાવેશ થાય છે.

ટ્રમ્પના આ નિવેદનથી રોકાણકારોને ડર છે કે જો ટેસ્લાને આપવામાં આવતી સબસિડી પણ જો બંધ કરી દેવામાં આવે તો કંપનીની આર્થિક સ્થિતિને અસર પડી શકે છે. જેના કારણે માર્કેટમાં પેનિક સેલિંગ દેખાઈ રહ્યું છે.

# કાશ્મીરમાં દુનિયાના સૌથી ઊંચા રેલવે બ્રિજનું વડાપ્રધાન મોદીના હસ્તે લોકાર્પણ

**મુખ્ય સમાચાર, શ્રીનગર**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે (૬ જૂન) જમ્મુ-કાશ્મીરની મુલાકાતે છે, જ્યાં તેમણે ચિનાબ બ્રિજનું ઉદઘાટન કર્યું છે. ચિનાબ બ્રિજ દુનિયાનો સૌથી ઊંચો રેલવે આર્ચ બ્રિજ છે, જે કાશ્મીર ઘાટીને આખા ભારત સાથે દરેક ઋતુમાં રેલ સંપર્ક પ્રદાન કરશે અને કટરા-શ્રીનગર યાત્રાનો સમય ઘટાડશે. પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ વડાપ્રધાનની આ પહેલી કાશ્મીર મુલાકાત છે. અહીં તેઓ ૪૬ હજાર કરોડની યોજનાઓની ભેટ આપશે.



આ પહેલથી કનેક્ટિવિટીમાં સુધારો થશે. બ્રિજના ઉદઘાટન સાથે એવું પણ કહેવામાં આવે છે કે, આનાથી 'દિલની દૂરી અને દિલ્હીનું અંતર ઘટશે.' વડાપ્રધાનના આ કાશ્મીર પ્રવાસ બાદ પર્યટન અને આર્થિક વિકાસને પણ વેગ મળશે.

વડાપ્રધાને ચિનાબ બ્રિજ અને અંજી પુલનું ઉદઘાટન કર્યું છે, જે ઉધમપુર-શ્રીનગર-બારામૂલા રેલ લિંક યોજનાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. આ યોજના હેઠળ બનાવવામાં આવેલો આ પુલ કાશ્મીર ઘાટીના ભાગને ભારત સાથે જોડશે. જેનાથી મુસાફરીનો સમય ઘટીને ૩ કલાક થઈ જશે અને વેપાર તેમજ પ્રવાસ ઉદ્યોગને પણ વેગ મળશે.

# કોટનથી બનનારા કપડાં મોંઘા થવાની આશંકા જાહેર કરાઈ

**કપાસના ટેકાના ભાવમાં વધારાથી ગારમેન્ટ ઉદ્યોગ પર મોટી અસર**

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કપાસમાં ન્યુનતમ સમર્થન મુલ્ય (એમએસપી)માં વધારાથી તેની ખેતી કરનાર ખેડુતોને નિશ્ચિત રીતે ફાયદો થશે. પરંતુ કોટનથી બનનારા કપડાં મોંઘા થવાની આશંકા જાહેર કરાઈ રહી છે. આ વધારાથી ટેકસટાઈલની નિકાસને પણ અસર થવાની આશંકા છે.



ટેકસટાઈલમાં યાર્ન, ફેબ્રીક અને ગારમેન્ટ ત્રણેયનો સમાવેશ થાય છે. ભારત આ ત્રણે વસ્તુઓની અલગ અલગ નિકાસ કરે છે. જો કે તેમાંથી ગાર્મેન્ટ નિર્માથી સૌથી વધુ રોજગારનું સર્જન થાય છે. હાલમાં જ સરકારે આગામી કોટન સીઝન (ઓકટોબર-સપ્ટેમ્બર) માટે તેના એમએસપીમાં ૭ ટકાનો વધારો કર્યો છે.

લોંગ કોટનના એમએસપીને હાલમાં ૭૫૨૧ કિવંટલથી વધારીને ૮૧૧૦ તો મીડીયમ કોટનના એમએસપીને ૭૧૨૧ થી વધારીને ૭૭૧૦ રૂપિયા દર કિવન્ટલે કરી દેવાયા છે.

ગુજરાત અને પંજાબના ગામેન્ટ વ્યાવસાયિકોનું માનવું છે કે, કોટનના ન્યુનતમ સમર્થન મૂલ્ય વધવાથી કોટન ફેબ્રિકથી બનનાર ગારમેન્ટમાં પાંચ ટકાનો વધારો થઈ શકે છે. કારણ કે કોટનના ભાવ વધવાથી યાર્ન, ફેબ્રિક બધુ મોંઘુ થઈ જશે.

# જલવાયું પરિવર્તનથી ખાદ્ય સુરક્ષાને મોટો ઝટકો લાગશે

**ઈન્ડિયન નેટવર્ક ફોર કલાઈમેટ ચેન્જ એસેસમેન્ટના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો**

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જલવાયું પરિવર્તન (ગ્લોબલ વોર્મિંગ)થી ખાદ્ય સુરક્ષાને મોટો ઝટકો લાગી શકે છે. તાપમાનમાં વૃદ્ધિ, અનિયમીત વરસાદ, દુકાળ પુર અને હિટવેવ જેવી હવામાનની ઘટનાઓની સીધી અસર ખેતી પર પડી શકે છે. જેથી ૨૦૫૦ સુધી મુખ્ય ખાદ્યાન્ન પાકોનાં ઉત્પાદનમાં ભારે ઘટ આવી શકે છે.

અસિંચીત ક્ષેત્રોમાં ખાદ્યાન ઉત્પાદનમાં ૧૦ થી ૩૦ ટકા ઘટની આશંકા છે. આઈએનસીસીએનાં રિપોર્ટ બાદ ફેડરેશન ઓફ ઓલ ઈન્ડીયા ફાર્મલ એસોસીએશન (ફફા)એ જલવાયું પરિવર્તનથી સંભવિત ક્ષતિ પર ચિંતા બતાવતાં ખેડુતોની આવક વધારનાર હવામાન અનુકુળ કૃષિ પર જોર આપવામાં આવ્યું છે.

ઈન્ડીયન નેટવર્ક ફોર કલહમેટ ચેન્જ એસેસમેન્ટ (આઈએનસીસીએ)નાં રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે સૌથી વધુ અછત ઘઉં તેમજ ધાન જેવી મુખ્ય પાકોની ઉપજમાં થઈ શકે છે. ઘઉંમા ૬ થી ૨૫ ટકા અને ધાનમાં ૩ થી ૧૫ ટકા સુધી ઘટ આવી શકે છે. આવી હાલત સિંચિત ક્ષેત્રોમાં પણ થશે.

સંગઠને વિશ્વ પર્યાવરણ દિવસે દિલ્હીમાં સેમિનારનું આયોજન કરીને એક ખાસ રિપોર્ટ જાહેર કર્યો હતો જેમાં ખેતીના પડકારોના નિકાલ કરવા માટે નવી ટેકનિકો ખેડુત સુધી પહોંચાડવાના પ્રયાસોને રેખાંકિત કરવામાં આવી.

વિશેષજ્ઞોનું માનવુ છે કે ટેકનિકનાં માધ્યમથી જે જલવાયું સંકટથી ખેડૂતોને બચાવી શકાય છે. અક્ષય ઉર્જા, સુક્ષ્મ સિંચાઈ તેમજ જૈવિક ખેતી માટે સબસીડીની જોગવાઈ હોવી જોઈએ જેથી નાના સીમાંત ખેડૂતો પણ સક્ષમ બને. ફેકાના મહાસચીવ મુરલીબાબુનું માનવુ છે કે ખેતી પર જલવાયું પરિવર્તનની અસર દેખાવા પણ લાગી છે.

માટીની ગુણવતા ઓછી દેખાવા લાગી છે. ભુજલ સ્તર ઘટી રહ્યું છે. નાના ખેડુતોની સ્થિતિ ચિંતાજનક થઈ રહી છે. આ પ્રયાસમાં આઈસીએઆરે દેશભરનાં ૬.૯૩ લાખ ખેડૂતોને હવામાન અને માટીને અનુકુળ ખેતીની ટેકનિક પહોંચાડીને ખેડૂતોને શિક્ષિત કર્યા છે.

જલવાયું અનુકુળ ગામોનો વિકાસ કરવામાં આવ્યો ભવિષ્યનાં ખતરાનો સામનો કરવા માટે સરકારને જલવાયું અનુકૂળ બીજો માટે સંશોધનમાં રોકાણ વધારવા પરંપરાગત ખેતી



અને પ્રશિક્ષણ કાર્યક્રમોને પ્રોત્સાહન આપવા પર મજબુત કૃષિ, સાધનોની ઉપલબ્ધતા વગેરે પર ફોકસ-વધારવાનો આગ્રહ કર્યો છે. ખેતીની ટકાઉ લાભદાયક અને પર્યાવરણ અનુરૂપ બનાવીને દેશનાં કરોડોની સંખ્યામાં ખેડુતોની આજીવિકા સુરક્ષીત કરી શકાય છે.

# ચૂંટણી પ્રક્રિયામાં સક્રિયતા દાખવવા અને મતદાન અંગે જાગૃતિ લાવવા જિલ્લાના સૌ દિવ્યાંગજનોને સંસ્થાઓના પ્રતિનિધિઓ દ્વારા અપીલ કરાઈ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર,ચૂંટણીઓમાં દિવ્યાંગ મતદારોની ભાગીદારી વધારવા અને તેમને જરૂરી સુવિધાઓ પૂરી પાડવા માટે જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી કેતન ઠક્કરના અધ્યક્ષસ્થાને ડિસ્ટ્રિક્ટ મોનિટરિંગ કમિટી ઓન એક્સેસિબલ ઈલેક્શન્સ.ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં દિવ્યાંગજનોના કલ્યાણ માટે કાર્યરત વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા, જ્યાં કલેક્ટરશ્રીએ જરૂરી સૂચનો કર્યા હતા.આ બેઠકમાં કલેક્ટરએ દિવ્યાંગ મતદારોની ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય અને અસરકારક ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે દિવ્યાંગ મતદારોનું મતદાન મથકવાર મેપિંગ કરવા અને તેમના અદ્યતન ડેટાની જાળવણી કરવા, હજુ સુધી નોંધણી ન કરાવેલ દિવ્યાંગ વ્યક્તિઓની ઓળખ કરીને તેમને મતદાર યાદીમાં નોંધવા માટે ખાસ ઝુંબેશ ચલાવવા, ''સુગમ મતદાન મથક'' અને ''સુગમ મતદાન જાગૃતિ અભિયાન'' હેઠળ અવરોધમુક્ત વાતાવરણ બનાવવા પગલાં લેવા, જિલ્લામાં યોજાનારી તમામ ચૂંટણીલક્ષી તાલીમોમાં દિવ્યાંગોની વિશેષ જરૂરિયાતોનો સમાવેશ કરવો, દિવ્યાંગ વ્યક્તિઓની મતદાર તરીકે નોંધણી અને ચૂંટણી પ્રક્રિયામાં તેમની સહભાગિતા વધે તે માટે ખાસ જાગૃતિ કેમ્પનું આયોજન કરવું, દિવ્યાંગોની ચૂંટણીમાં ભાગીદારી વધારવા માટે દિવ્યાંગ સમુદાયમાંથી ''ડિસ્ટ્રિક્ટ આઈકોન'' (District Icon) ની નિમણૂક કરવી વગેરે મુદા પર ભાર મુક્યો હતો.કલેક્ટરએ જણાવ્યું હતું કે ચૂંટણી પંચ દ્વારા અપાયેલ દિવ્યાંગોની કાર્યક્ષમ અને અસરકારક ભાગીદારી અંગેના નિર્દેશોનો અમલ કરવો અત્યંત મહત્વપૂર્ણ છે.દિવ્યાંગ વ્યક્તિઓની ચૂંટણી પ્રક્રિયામાં કાર્યક્ષમ અને અસરકારક સહભાગિતા માટે યોગ્ય વાતાવરણ ઊભું થાય તે માટે સૌ સાથે મળી પ્રયાસ કરે તે જરૂરી છે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, કાર્યપાલક ઈજનેર, રામ મૂક બધિર બહેરા મુંગા શાળાના આચાર્ય, અને અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્રના સંસ્થાપક સહિતના પદાધિકારીઓ અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરના નાકા બહાર ૩૨ મુંગા પશુને ક્રુરતાથી બાંધી રાખનાર બે શખ્સને પકડી પાડતી પોલીસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના કાલાવડ નાકા બહાર કલ્યાણ ચોકમાં એક વાડામાં બે શખ્સે ક્રુરતાપૂર્વક બાંધી રાખેલા ૩૨ પાડાને પોલીસે મુક્ત કરાવ્યા છે. આ મુંગા જીવને કતલખાને ખસેડવામાં આવે તે પહેલાં પોલીસને તેની બાતમી મળી જતાં અબોલ જીવ બચી ગયા છે. બંને શખ્સ સામે પોલીસે ખુદ ફરિયાદી બની ગુન્હો રજીસ્ટર કરાવ્યો છે. ઢોરને પાંજરાપોળમાં ખસેડવામાં આવ્યા છે અને સ્થળ પરથી એક રિક્ષા પણ ઝબ્બે લેવામાં આવી છે.જામનગરના કાલાવડ નાકા બહાર આવેલા કલ્યાણ ચોકમાં એક વાડામાં કેટલાક ઢોર ક્રુરતાપૂર્વક બાંધી રાખી તેને કતલખાને ખસેડવાની તજવીજ કરાતી હોવાની બાતમી મળતા સિટી એ ડિવિઝનના પીઆઈ એન.એ. ચાવડાની સૂચનાથી દરબારગઢ પોલીસચોકીના પીએસઆઈ ડી.જી. રામાનુજ તથા સ્ટાફે કલ્યાણ ચોકમાં અલાબીદ કોમ્પલેક્ષ સામે દરોડો પાડ્યો હતો.ત્યાં આવેલા એક વાડામાં બનાવવામાં આવેલા ઓરડામાં નાના મોટા ૩૨ પાડા અત્યંત ક્રુરતાથી બાંધેલા જોવા મળ્યા હતા. ૧૧ ફૂટની પહોળાઈ અને ૨૮ ફૂટની લંબાઈ ધરાવતા ઓરડામાં ભેંસના નાના મોટા ૩૧ પાડરડા અને એક મોટો પાડો બાંધી રાખવામાં આવેલો જોવા મળ્યો હતો.આ પ્રાણીઓ હલનચલન પણ ન કરી શકે તે રીતે બાંધી રાખી જામનગરના કસાઈવાડા પાસે રહેતા બીલાલ શબ્બીર શેરજી નામના ખાટકી શખ્સ તથા પ્રણામી ટાઉનશીપ નજીક રિદ્ધિ સિદ્ધિ સોસાયટી પાસે છેલ્લી ગલીમાં રહેતા સરફરાજ ઓસમાણ દલ નામના સંધી શખ્સને પોલીસે પકડી પાડ્યા છે. અંદાજે રૂ.૧ લાખ ૩ હજારની કિંમતના આ જીવંત પશુઓને કતલખાને ધકેલવાના હતા. તેને રાત્રે જ પોલીસે મુક્ત કરાવી દીધા છે. પોલીસે સ્થળ પરથી જીજે-૧૦-ટીઝેડ ૩૮૭૭ નંબરની રિક્ષા પણ કબજે કરી છે. બીલાલ તથા સરફરાજ સામે એએસઆઈ એન.કે. ઝાલાએ ખુદ ફરિયાદી બની સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પશુ પ્રત્યે ક્રુરતા નિવારણ અધિનિયમની કલમો હેઠળ ગુન્હો રજીસ્ટર કરાવ્યો છે.

# જામનગર મહાનગરપાલિકા અને વન વિભાગના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે 'હર ઘર એક વૃક્ષ વાવીએ અને પર્યાવરણનું જતન કરીએ' ઉપરાંત 'એક પેડ માઁ કે નામ, આ સૂત્રને સાર્થક કરવા માટે હાપા વિસ્તારમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. જામનગર મહાનગર પાલિકા અને વન વિભાગના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો, સાથે સાથે રોપા વિતરણ પણ કરવામાં આવ્યું હતું.આ વેળાએ શહેરના ધારાસભ્ય દિવ્યેશ અકબરી અને રિવાબા જાડેજા, નગરના મેયર વિનોદ ખીમસુરીયા, મહાનગરપાલિકાના કમિશનર ડી.એન.મોદી, શહેર ભાજપના અધ્યક્ષ બીનાબેન કોઠારી, કોર્પોરેટરો અને મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રત્યેકના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.આ સાથે જ નગરજનોને રોપાનું વિતરણ પણ કરાયું હતું, તદુપરાંત પર્યાવરણની જાગૃતિને અનુલક્ષીને પ્લાસ્ટિક મુક્તિ અભિયાનને વેગ આપવા માટે જામનગર મહાનગરપાલિકા અને ગુજરાત રાજ્ય તેમજ ગો ગ્રીનના સંદેશા સાથેની વિશેષ પ્રકારની બેગનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.જામનગર મહાનગરપાલિકા દ્વારા આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જુદા-જુદા વૃક્ષા રોપણ સહિતના કાર્યક્રમમાં હાથ ધરવામાં આવ્યા છે, ઉપરાંત વૃક્ષારોપણની પ્રવૃત્તિને વેગ આપવા માટે શહેરના અલગ અલગ વિસ્તારોમાં વિનામૂલ્ય રોપાનું વિતરણ કરવા માટેનો કાર્યક્રમ યોજાયો છે.જેના અનુસંધાને જામનગરના પંચેશ્વર ટાવર વિસ્તારમાં મંડપ સમિયાણો ઉભો કરીને જામનગર મહાનગરપાલિકા દ્વારા નગરજનોને રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# CISF અને SBI વચ્ચે થયાં મહત્વપૂર્ણ બેંકીંગ એમ.ઓ.યુ.





## એમ.ઓ.યુ. અનુસાર હવે જવાનો અને તેમના પરિવારજનોને બેંકિંગ ક્ષેત્રના અનેક નવીન લાભો મળતા થશે

**મુખ્ય સમાચાર, જામનગર**

CISF (સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ) એ પોતાના જવાનો અને તેમના પરિવારજનોના કલ્યાણ માટે એક મોટું પગલું ભર્યું છે. ૨૩ મે, ૨૦૨૫ ના રોજ, CISF અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) વચ્ચે સેલરી એકાઉન્ટ વ્યવસ્થાપન માટે આગામી ત્રણ વર્ષ માટે એક મહત્ત્વપૂર્ણ MOU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ MOU CISFના કર્મચારીઓ અને તેમના આશ્રિતો માટે બેંકિંગ સુવિધાઓ અને વીમા કવચમાં નોંધપાત્ર વધારો કરશે.આ નવા MOU હેઠળ કર્મચારીઓ અને પેન્શનરોને મુખ્ય લાભો મળશે, જેમાં સેવા આપતા કર્મચારીઓ માટે ૧ કરોડનું મફત વ્યક્તિગત અકસ્માત વીમા કવચ જે પહેલાં ૫૦ લાખ હતું. અને પેન્શનરો માટે વ્યક્તિગત અકસ્માત વીમું ૫૦ લાખનો સમાવેશ થાય છે. હવાઈ દુર્ઘટનાના કિસ્સામાં ૧.૫ કરોડનું વળતર મળશે, અને સેવા આપતા કર્મચારીઓ માટે ૧૦ લાખનું ટર્મ ઈન્શ્યોરન્સ પ્રથમ વખત ઉમેરવામાં આવ્યું છે. કાયમી સંપૂર્ણ અને આંશિક વિકલાંગતા માટે ૧ કરોડનું કવર પણ પ્રદાન કરવામાં આવશે. નોંધનીય છે કે પેન્શનરોને પણ પ્રથમ વખત ઘણા નવા લાભો અને હાલના લાભોમાં નોંધપાત્ર વધારો મળશે. SBI CISF કર્મચારીઓને અન્ય શ્રેષ્ઠ સુવિધાઓ પણ પૂરી પાડશે, જેમાં ઝીરો એકાઉન્ટ બેલેન્સ, વાર્ષિક શુલ્ક વિના મફત ડેબિટ કાર્ડ, SBI ATM પર અમર્યાદિત મફત ટ્રાન્ઝેક્શન અને અન્ય બેંક ATM પર દર મહિને ૧૦ મફત ટ્રાન્ઝેક્શનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, જરૂરિયાત મુજબ મફત ડિમાન્ડ ડ્રાફ્ટ, ખાતામાં વધારાના ભંડોળ પર ઓટોમેટિકલી ફિક્સ્ડ ડિપોઝિટની સુવિધા (ઓટો સ્વીપ), અને બેંક લોકરના ભાડા પર ૧૦% ડિસ્કાઉન્ટ પણ મળશે. દુર્ઘટનામાં મૃત્યુના કિસ્સામાં બર્ન સર્જરી, બાળકોની ઉચ્ચ શિક્ષણ સહાય, બાળિકા લગ્ન સહાય, એર એમ્બ્યુલન્સ (૧૦ લાખ સુધી), અને એમ્બ્યુલન્સ ચાર્જ જેવા કવચનો પણ સમાવેશ થાય છે.

'SBI Rishtey' ફેમિલી સેવિંગ્સ એકાઉન્ટ હેઠળ CISF જવાનોના પરિવારો પતિ.પત્ની, બાળકો, માતા-પિતા અને ભાઈ-બહેનો માટે ચાર ઝીરો બેલેન્સ ખાતા ખોલાવી શકાશે, જેમાં મફત ડેબિટ કાર્ડ, મફત ટ્રાન્ઝેક્શન, મફત ડિમાન્ડ ડ્રાફ્ટ, ઓટો સ્વીપ અને લોકર ભાડા પર ૧૦% ડિસ્કાઉન્ટ જેવા લાભો મળશે. ૧૮ વર્ષથી વધુ વયના સભ્યો માટે ૫ લાખનું વ્યક્તિગત અકસ્માત મૃત્યુ કવર પણ આમાં શામેલ છે.લાભો સમયસર મળે તે સુનિશ્ચિત કરવા માટે એક ખાસ ફરિયાદ નિવારણ પદ્ધતિ ગોઠવવામાં આવશે. SBI ના સમર્પિત રિલેશનશિપ મેનેજર CISF કલ્યાણ નિયામક સાથે સતત સંકલનમાં રહેશે. આ ઉપરાંત, SBI CISF કેમ્પસમાં શાખાઓની સ્થાપના.નવીનીકરણ કરશે અને નવી ટેકનોલોજીનો પરિચય કરાવશે. કર્મચારીઓ માટે બેંકિંગ અને રોકાણ જાગૃતિ કાર્યક્રમો પણ યોજવામાં આવશે. આ MOU CISF અને SBI બંનેની તેમના કર્મચારીઓ અને તેમના.પરિવારજનોના કલ્યાણ પ્રત્યેની દ્રઢ પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે, જે સુરક્ષા દળોના મનોબળને ઊંચું રાખવામાં મદદ કરશે.

# જામનગરમાં આજે કોરોનાના વધુ ૭ નવા પોઝિટિવ કેસ નોંધાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં જુદા જુદા વિસ્તારોમાં વધુ સાત કોરોના સંક્રમિત જાહેર થયા છે જેમાં છ મહિલા અને એક પુરૂષનો સમાવેશ થાય છે.તમામને હોમ ક્વોરેન્ટાઈન કરી સારવાર આપવામાં આવી રહી છે.જામનગરમાં એકાદ સપ્તાહથી કોરોનાનુ સંક્રમણ વધી રહયુ હોવાનુ સામે આવ્યુ છે.શહેરમાં મંગળવારે ડેન્ટલ કોલેજના ચાર વિદ્યાર્થી સહિત છ નવા કેસ નોંધાયા હતા.

જેમાં બુધવારે પણ શહેરમાં કોરોનાના વધુ સાત કેસ સામે આવ્યા છે.જેમાં કામદાર કોલોની વિસ્તારમાં ૫૭ વર્ષીય પ્રૌઢા, પવનચક્કી જેલ રોડ વિસ્તારમાં ૨૨ વર્ષીય યુવતિ, દિગ્વિજય પ્લોટ-૩ વિસ્તારમાં ૩૭ વર્ષીય મહિલા, નિલકંઠ બેડી રીંગ રોડ વિસ્તારમાં ૬૫ વર્ષીય વૃદ્ધ, પીજી હોસ્ટેલમાં ૨૭ વર્ષીય યુવતિ, પટેલ કોલોની વિસ્તારમાં ૭૪ વર્ષીય વૃદ્ધા અને વૃંદાવન પાર્ક-૧ વિસ્તારમાં ૪૫ વર્ષીય મહિલા કોરોના પોઝીટીવ જાહેર થયા છે. જે તમામને હોમ આઇશોલેશનમાં રાખી ઘરે જ તબીબી સારવાર આપવામાં આવી રહી છે.

જામનગર શહેરમાં કુલ ૨૮ એકટિવ કેસ છે.અત્યાર સુધીમાં કુલ ૩૯ કેસ પૈકી ૧૧ દર્દીઓ ડીસ્ચાર્જ જાહેર થયા છે.જામનગરની સરકારી જી.જી. હોસ્પીટલમાં એકપણ દર્દી સારવાર હેઠળ નથી.બીજી બાજુ આરોગ્ય તંત્ર દ્વારા સંબંધિત વિસ્તારમાં આરોગ્ય વિષયક પગલા લેવામાં આવી રહયા છે.

# ઉનાળુ વેકેશનની વાલીઓ સાથે મોજ માણતા ભુલકાઓ



તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાલ ઉનાળુ વેકેશન અંતિમ તબક્કામાં છે. તાપમાનનો પારો ૪૦ થી ૪૨ ડિગ્રીની વચ્ચે રહ્યો છે. ૪૫ દિવસના ઉનાળુ વેકેશનમાં શ્રીમંત ઘરના પરિવારોએ દેશના હિલ સ્ટેશનો તો કેટલાક પરિવારોએ વિદેશી પ્રવાસની મજા માણી છે. પરંતુ ૭૦%થી વધુ મધ્યમવર્ગ પરિવારના લોકોએ શહેરની આજુબાજુના રમણ્ય વિસ્તારોમાં પોતાના બાળકોને લઇ જઇ વેકેશનની મજા ઉઠાવી છે. શહેરના હાર્દ સમા રેસકોર્ષ, ન્યારી ડેમ, આજી ડેમ, પ્રદ્યુમન પાર્ક, અટલ સરોવર, રામવન જેવા સ્થળોએ હાલ વાલીઓ સાથે બાળકો મોજ માણતા નજરે પડી રહ્યા છે. શની-રવિના દિવસો સિવાય આડાદિવસે પણ રેસકોર્ષ અને અન્ય સ્થળો પર સાંજે ૫ વાગ્યા બાદ કિડયારુ ઉભરાય તેવા દ્રશ્યો નજરે પડી રહ્યા છે.







# વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે વૃક્ષારોપણ સાથે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો

## ડાક વિભાગે પ્લાસ્ટિક પ્રદૂષણને મ્હાત આપો થીમ હેઠળ ઝુંબેશનો પ્રારંભ કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતીય ડાક વિભાગ દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે વૃક્ષારોપણ અને જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે રાજકોટ મુખ્ય ડાકઘરમાં 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે વિશેષ વિરુપણ કર્યું અને વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો.

યાદવે જણાવ્યું હતું કે, પર્યાવરણ સંરક્ષણ આજના યુગની સૌથી મોટી જરૂરિયાત છે. આવનારી પેઢીઓને શુદ્ધ ઓક્સિજન મળી રહે તે માટે વધુમાં વધુ વૃક્ષો વાવો અને તેને પરિવારના સભ્યની જેમ સાચવવા જરૂરી છે. વૈશ્વિક સ્તરે સતત વધી રહેલા તાપમાનને પણ આ વૃક્ષો અને વનસ્પતિઓ દ્વારા નિયંત્રિત કરી શકાય છે.તેમણે આ અવસરે ડાક કર્મચારીઓનું ધ્યાન પર્યાવરણમાં વધતા પ્લાસ્ટિક પ્રદૂષણ અને તેના કારણે થતી સમસ્યાઓ તરફ દોરી, દરેક ડાક કર્મચારીને વૃક્ષારોપણ દ્વારા તેના નિરાકરણમાં ભાગીદાર બનવા તેમજ ઈકો-ફ્રેન્ડલી ઉત્પાદનોનો ઉપયોગ કરવા માટે અનુરોધ કર્યો હતો.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે પર્યાવરણ અનુકૂળ જીવનશૈલી અપનાવવા અને કુદરતી સંસાધનો બચાવવા માટે અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, માત્ર ખાસ દિવસે વૃક્ષારોપણ કરવાથી સમસ્યાનું નિરાકરણ નહીં આવે, પરંતુ આપણે દરેક દિવસને પર્યાવરણ દિવસની જેમ ઉજવવા માટે જાગૃત રહેવું પડશે અને પ્લાસ્ટિક પ્રદૂષણને દૂર કરીને દર મહિને ઈકો-ફ્રેન્ડલી વૃક્ષોનું રોપણ કરવું પડશે. પર્યાવરણ સંરક્ષણ માટે આપણને ભાવિ પેઢીને પણ જાગૃત કરવી પડશે.

પ્રવર ડાક અધિક્ષક શ્રી આર. આર. વીરડાએ કહ્યું હતું કે, પર્યાવરણ સંરક્ષણ માટે વૃક્ષારોપણ કરવું આપણાં સૌનું દાયિત્વ છે. સિનિયર પોસ્ટમાસ્ટર કે. એસ. શુક્લાએ જણાવ્યું કે વૃક્ષ આપણને જીવન આપે છે, તેથી વૃક્ષારોપણ સાથે સાથે તેમનું સંરક્ષણ પણ અત્યંત જરૂરી છે. સહાયક નિદેશક કે. એસ. ઠક્કરે 'એક વ્યક્તિ, એક વૃક્ષ'ના નારા સાથે વૃક્ષારોપણના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. આ અવસરે રેલ ડાક સેવાના અધિક્ષક અનિલકુમાર, રાજકોટ ફિલાટેલિક એસોસિયેશનના સચિવ એચ. સી. મહેતા, રાજકોટ ફિલાટેલિક સોસાયટીના સચિવ જિગ્નેશ શાહ, રાજેશ કોઠારી, સહાયક અધિક્ષક બી. કે. જીડ, કે. જી. જસાની, ડાક નિરીક્ષક જે. જે. ડાંગર, ડી. ડી. વાઘેલા, ભાવેશ કુબાવત, કિશોર ભટ્ટી સહિત અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# કોટક સિક્યુરિટીઝ અને કેરગ્રોથ બ્રોકિંગે ગુજરાતમાં ૩૫,૦૦૦ રીટેલ રોકાણકારો અને ટ્રેડર્સને ઉન્નત સેવાઓ પૂરી પાડવા માટે ભાગીદારી કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોટક સિક્યોરિટીઝ લિમિટેડ, પૂર્ણ-સેવા બેંક-સમર્થનવાળી બ્રોકરેજ કંપની એ રાજકોટ સ્થિત કેરગ્રોથ બ્રોકિંગ પ્રાઈવેટ લિમિટેડ (CBPL) જે એક જાણીતી નાણાંકીય સેવાઓ પ્રદાન કરતી કંપની છે તેની સાથે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે. આ ભાગીદારી થકી કોટક સિક્યોરિટીઝ કેરગ્રોથ બ્રોકિંગના ૩૫૦૦૦થી વધુ રોકાણકર્તાઓ અને ટ્રેડર્સ સુધી તેની સેવાઓનો વિસ્તાર કરશે, અને ભવિષ્યમાં ગુજરાતમાં કેરગ્રોથની મજબૂત પ્રાદેશિક ઉપસ્થિતિ અને વિશેષજ્ઞતાનો લાભ ઉઠાવશે. આ ભાગીદારીનો ઉદ્દેશ્ય કેરગ્રોથ ગ્રાહકો માટે રિટેલ ક્લાયન્ટ અનુભવને મજબૂત બનાવવાનો છે, જેઓ કોટક સિક્યોરિટીઝ પ્લેટફોર્મ સાથે અવિરતરૂપે સુસંગત અને એકીકૃત કરવામાં આવશે



તસવીર : આનંદ જાવીયા

NSEના આંકડા અનુસાર, એપ્રિલ ૨૦૨૫ સુધીમાં, ગુજરાતમાં ઈન્વેસ્ટર એકાઉન્ટ્સનો આંકડો ૧ કરોડથી વધુ પહોંચી ગયો છે, જે તેને ભારતના સૌથી મોટી આર્થિક ભાગીદારીવાળા ટોપ ત્રણ રાજ્યોમાં સ્થાન અપાવે છે. ગુજરાત રાજ્ય વર્ષ દર વર્ષ રોકાણકારોની નોંધણીમાં સ્થાયી વધારાનું સાક્ષી રહ્યું છે.

કોટક સિક્યોરિટીઝ અને કેરગ્રોથ, બંને ગ્રાહક-કેન્દ્રિત પ્રતિબદ્દઘતા ધરાવે છે. આ ભાગીદારીનો ઉદ્દેશ રાજ્યનાં નાના રોકાણકારો અને ટ્રેડર્સને ઉન્નત નાણાંકીય ઉકેલો, અત્યાધુનિક ટેકનોલૉજી અને નિષ્ણાત સેવાઓ દ્વારા સશક્ત કરવાનું છે.

કોટક સિક્યોરિટીઝ લિમિટેડના એમડી અને સીઈઓ શ્રીપાલ શાહે કહ્યું કે, 'અમે ગુજરાતમાં ફાયનાન્શિયલ સેક્ટરમાં જાણીતી કેરગ્રોથ બ્રોકિંગ પ્રાઈવેટ લિમિટેડ સાથે ભાગીદારી કરીને ખુશી અનુભવીએ છીએ. અમારો ધ્યેય, સાથે મળીને અમારી અદ્યતન ટ્રેડિંગ એપ કોટક નિઓ દ્વારા ગ્રાહકોની ઈન્વેસ્ટમેન્ટ જર્નીને વધુ સરળ અને સમૃદ્દઘ બનાવવાનો છે. આવનારા મહિનાઓમાં અમે રોકાણકર્તાઓ માટે જાગૃતિ અને શૈક્ષણિક પહેલ શરૂ કરી કરીશું અને રાજ્યમાં અમારી પહોંચને વધુ મજબૂત કરીશું. અમે અમારી સંયુક્ત ક્ષમતાઓનો ઉપયોગ કરી નૈતિક કાર્યપ્રણાલી, ઝડપી ઉકેલ પદ્ધતિ અને ઝીરો-કમ્પ્લેઈન સર્વિસના માપદંડો જાળવવાની દિશા કામ કરીશું.'

કેરગ્રોથ બ્રોકિંગ પ્રાઈવેટ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરુણ શાહે જણાવ્યું કે, 'અમે ભારતની બ્રોકિંગ ઈન્ડસ્ટ્રીમાં સ્થપિત નામ એવા કોટક સિક્યોરિટીઝ સાથે ભાગીદારીથી આનંદિત છીએ. આ ભાગીદારી સાથે અમે એક એવી બ્રાન્ડ સાથે જોડાયા છીએ જે શ્રેષ્ઠતા, નવીનતા અને ગ્રાહક-કેન્દ્રિતતા જેવી બાબતોમાં અમારા જેવા જ મૂલ્યો ધરાવે છે.

# ઘેલા સોમનાથ મહાદેવ મંદિરની આસપાસના વિસ્તારમાં પર્યાવરણ સંરક્ષણ અર્થે વૃક્ષારોપણ કરાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના જસદણ-વીંછિયાના પ્રાંત અધિકારીશ્રી રાહુલભાઈ ખાંભરાના માર્ગદર્શન હેઠળ વીંછિયા તાલુકા મામલતદાર અને રેન્જ ફોરેસ્ટ ઓફિસરની કચેરી દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે ''પ્લાસ્ટિકમુક્ત ગુજરાત અભિયાન'' અંતર્ગત શ્રી ઘેલા સોમનાથ મહાદેવ મંદિરની આસપાસના વિસ્તારમાં સ્વચ્છતાલક્ષી કાર્યવાહી અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વન વિભાગ, મંદિર અને સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મીઓએ સાથે મળીને મંદિર પરિસર, આસપાસના રસ્તાઓ અને જાહેર સ્થળોએથી કચરો, પ્લાસ્ટિક અને અન્ય બિન ઉપયોગી વસ્તુઓ એકઠી કરીને સાફસફાઈ કરી હતી. તથા એકત્રિત કરાયેલા ઘન કચરાનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અને પર્યાવરણને નુકસાન ન થાય તે રીતે, નિયત સાઈટ પર યોગ્ય રીતે નિકાલ કરવામાં આવ્યો હતો. સ્વચ્છતાની સાથેસાથે ભવિષ્યની પેઢી માટે હરિયા-ળું વાતાવરણ પૂરું પાડવાના ઉદ્દેશથી વિવિધ પ્રકારના વૃક્ષોનું રોપણ પણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણ પ્રવૃત્તિએ ઉપસ્થિતોને પર્યાવરણ સંરક્ષણનું મહત્વ સમજાવ્યું હતું.

# રાજકોટના વિદ્યાર્થીઓએ ઓલમ્પિયાડ પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**




વિશ્વના સૌથી મોટા ઓલમ્પિયાડ, સાયન્સ ઓલમ્પિયાડ ફાઉન્ડેશન દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય ઓલમ્પિયાડ પરીક્ષા ૨૦૨૪-૨૫ માં રાજકોટના ત્રણ વિદ્યાર્થીઓએ આંતરરાષ્ટ્રીય રેન્ક મેળવ્યા છે. મધર્સ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થી દર્શ પાર્થ કુમાર વેગડાએ ઈન્ટરનેશનલ હિન્દી ઓલિમ્પિયાડમાં પ્રથમ ક્રમ મેળવ્યો અને ગોલ્ડ મેડલ સાથે પ્રમાણપત્ર મેળવ્યું. તેવી જ રીતે, ક્રાઈસ્ટ સ્કૂલની વિદ્યાર્થીની સોઢા શૌર્યએ પણ ઈન્ટરનેશનલ ઈંગ્લિશ ઓલિમ્પિયાડમાં પ્રથમ ક્રમ મેળવીને ગોલ્ડ મેડલ સાથે પ્રમાણપત્ર મેળવ્યું. રાજકુમાર કોલેજના વિદ્યાર્થી કૃષિવ જે દાવડાએ પણ આંતરરાષ્ટ્રીય હિન્દી ઓલિમ્પિયાડમાં ત્રીજો ક્રમ મેળવ્યો અને આંતરરાષ્ટ્રીય કાંસ્ય ચંદ્રક અને પ્રમાણપત્ર જીત્યું.

આ વર્ષના એસઓએફ ઓલિમ્પિયાડમાં ૭૨ દેશોના લાખો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં રાજકોટના ૨૫૮૦૦ થી વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો. સહભાગીઓમાં ન્યુ એરા પબ્લિક સ્કૂલ, શ્રી શુભમ ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય, પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કૂલ સહિત રાજકોટની ઘણી જાણીતી શાળાઓનો સમાવેશ થાય છે.

# વેપારી લઘુશંકા કરવા ગયાને તસ્કર દુકાનમાંથી ૧.૨૫ લાખ ઉઠાવી ગયો

## રોકડ સાથે ડોક્યુમેન્ટ ભરેલ થેલો પણ ઉઠાવી ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયા રોડ બ્રહ્મસમાજ ચોક પાસે વેપારી દુકાન ખુલ્લી રાખી લઘુશંકા કરવા ગયાના માત્ર ૨૦ જેટલી મિનિટમાં ગઠિયો દુકાનમાંથી રોકડ રૂ.૧.૨૫ લાખ રૂપિયા ભરેલો થેલો અને જરૂરી ડોક્યુમેન્ટ ઉઠાવી લઇ ગયો હોવાનું જાણવા મળતા ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. વધુ વિગતો મુજબ, સોમનાથ સોસાયટી-અ ૩માં રહેતા વિપુલભાઈ બટુકભાઈ નિરંજની(ઉ.વ.૪૫)એ ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું રૈયા રોડ બ્રહ્મસમાજ ચોક પાસે નચીકેતા ઈલેક્ટ્રીક નામે ઈલેક્ટ્રોનીક ટુલ્સની દુકાન ચલાવી તથા મની ટ્રાન્સફરનુ કામ કરી મારુ તથા પરીવારનુ ગુજરાન ચલાવુ છુ.તા.૦૪/૦૬ના રાત્રીના

આશરે આઠેક વાગ્યાની આસપાસ મારે મારી દુકાનનુ કલેકશન આશરે ૧,૨૫,૦૦૦/- જેટલા રૂપીયા આવ્યું હતું.જે મે મારા દુકાનમાં મારા ટેબલની નીચે એક કાળા કલરના થેલામાં રાખેલ અ ને જે કાળા થેલામાં મારા એસ.બી.આઈ બેંકની પાસબુક તથા નાગરીક બેંકની પાસબુક તથા મારા ડેબીટ કાર્ડ જે પૈકી એ સ.બી.આઈ, આઈસીઆઈસીઆઈ, કોટક, તથા નાગરીક બેંકના હતા તથા તેમા મારા ક્રેડીટકાર્ડ તથા આધારકાર્ડ અને પાન કાર્ડ જેવા જરૂરી ડોક્યુમેન્ટ પણ હતા. હુ મારૂ કામ કરવા લાગેલ બાદ રાત્રીના નવેક વાગ્યાની આસપાસ મારે પેશાબ કરવા માટે જવુ હોવાથી હુ મારી દુકાન ખુલ્લી રાખીને ગયેલ અને મારો આ પૈસા ભરેલ થેલો પણ

દુકાનમાં જ હતો બાદ હુ પેશાબ કરીને આવ્યો તો મારી દુકાનમાં આ કાળા કલરનો પૈસા ભરેલ થેલો હતો નહીં જેથી મે આજુ બાજુ તપાસ કરેલ પરંતુ આ મારા પૈસા ભરેલ થેલો મને મળેલ નહીં જેથી મને થયુ કે મારો થેલો કોઈ ચોરી ગયેલ હશે જેમા કલેકશનના આશરે રોકડા રૂ.૧,૨૫,૦૦૦/- હતા જે કાળા થેલામાં મારા એસ.બી.આઇ બેંકની પાસબુક તથા નાગરીક બેંકની પાસબુક તથા મારા ડેબીટ કાર્ડ જે પૈકી એસ.બી.આઈ, આઈસી આઈ સી આઇ, કોટક, તથા નાગરીક બેંકના હતા તથા તેમા મારા ક્રેડીટકાર્ડ તથા આધારકાર્ડ અને પાનકાર્ડ જેવા જરૂરી ડોક્યુમેન્ટ પણ હતા.જેથી આ મામલે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ કરતા પીએસઆઈ મકરાણી તપાસ ચલાવી રહ્યા છે.

# અમદાવાદના સીપી દ્વારા ડીસીપી પ્રદિપસિંહ જાડેજાનું ટાઈટલ સોલ્ડર લગાવી સન્માન

## અશોક સ્તંભ અને સ્ટાર સાથેનું ટાઈટલ સોલ્ડર લગાવાયુંઃ પોલીસ તંત્રમાં જવલ્લે જ બનતી ઘટના



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર જ્ઞાનેન્દ્ર સિહ મલિક દ્વારા પોલીસ ડિપાર્ટમેન્ટમાં કુટુંબ ભાવના ઉજાગર કરી, પોતાના તાબાના પોલીસ અધિકારીને મળેલ પ્રમોશન અંગે જાતે ટાઇટલ સોલ્ડર લગાવી, અવાર નવાર બિરદાવવામાં આવે છે. તાજેતરમાં એસીપી જે ડિવિઝન, પ્રદીપસિંહ જાડેજાને નાયબ પોલીસ અધિક્ષક સંવર્ગમાંથી પોલીસ અધિક્ષક તરીકે બઢતી આપી, નાયબ પોલીસ કમિશનર, જે ડિવિઝન તરીકે નિમણૂક થતા, ટાઈટલ સોલ્ડર લગાડી, સન્માન કરવામાં આવેલ હતું.

તાજેતરમાં ગુજરાત સરકાર ના ગૃહ વિભાગ દ્વારા કુલ ૧૭ ડીવાયએસપી ઓને એસપી તરીકે બઢતીના હુકમ કરવામાં આવેલ હતા. જેમાં અમદાવાદ શહેરના જે ડિવિઝન એસીપી તરીકે ફરજ બજાવતા ડીવાયએસપી પ્રદીપસિહ જાડેજાને પોલીસ અધિક્ષક તરીકે બઢતી આપી, નાયબ પોલીસ કમિશનર, જે ડિવિઝન તરીકે નિમણૂક કરવામાં આવતા, પોલીસ કમિશ્નર જ્ઞાનેન્દ્ર સિંહ મલિક દ્વારા ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓની હાજરીમાં પોતાની જાતે ગણવેશ ઉપર પોલીસ અધિક્ષક ના હોદ્દાના અશોકસ્તંભ અને સ્ટાર સાથેના ટાઇટલ સોલ્ડર લગાડી, બહુમાન કરીને, ઉચ્ચ પોલીસ અધિકારીઓ તથા તમામ પોલીસ સ્ટાફની હાજરીમાં પ્રમોશન આપવામાં આવ્યું હતું. આ આ પ્રકારે ઉચ્ચ અધિકારીઓ દ્વારા બહુમાન કરીને જાતે ટાઇટલ સોલ્ડર લગાવી, પ્રર્મોશન આપવામાં આવે એવા કિસ્સાઓ જ જોવા મળે છે. અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર જ્ઞાનેન્દ્ર સિહ મલિક દ્વારા તમામ પોલીસ અધિકારીઓને પ્રમોશન અંગે તેમજ નવી જગ્યાએ નિમણૂક અંગે અંગે શુભકામના મકામની પાઠવતા, પોલીસ ખાતામાં કુટુંબ ભાવના અને ટીમ ભાવના ઉજાગર થયેલ હતી.

પ્રમોશન મેળવનાર અમદાવાદ શહેરના નાયબ પોલીસ કમિશનર, પ્રદિપસિંહ જાડેજા દ્વારા અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર જ્ઞાનેન્દ્ર સિંહ મલિક, જેસીપી સેક્ટર ૦૨, જયપાલસિહ રાઠોડ, જેસીપી, ક્રાઈમ, શરદ સિંગલ, જેસીપી, સ્પેશિયલ બ્રાંચ, વિધિ ચૌધરી, જેસીપી, સેક્ટર ૦૧, નીરજ બડગુજર, જેસીપી ટ્રાફિક, એન.એન.ચૌધરી તથા ડીસીપી, ઝોન ૦૬, શરવિ મોહન સૈની, સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓનો આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો.

# રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ યોજના જન્મજાત ખામી ધરાવતા બાળકો માટે સંજીવની સમાન

## જસદણના સાણથલી ગામના સાહિલના હૃદયની ખામી દૂર કરતી આરોગ્ય ટીમ

**આલેખન - જીતેન્દ્ર નિમાવત**

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ યોજના જન્મજાત ખામી ધરાવતા બાળકો માટે સંજીવની સમાન બની રહી છે. આ યોજના અંતર્ગત હૃદય, તૂટેલા તાળવા સહિતની જટિલ અને ખર્ચાળ સર્જરીનો તમામ ખર્ચ સરકાર દ્વારા ઉઠાવવામાં આવે છે. તેનું ઉદાહરણ જસદણ તાલુકાના સાણથલી ગામના સાહિલ વાઘેલા છે, સાહિલની જન્મજાત હૃદયની ખામી આ કાર્યક્રમ થકી દૂર કરાઈ છે.

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (આર.બી.એસ.કે.) ટીમની મદદથી અમદાવાદની યુ.એન.મહેતા હોસ્પિટલમાં વિનામૂલ્યે સમયસર સઘન સારવાર આપી બાળકનાં હૃદયની ખામી દૂર કરવામાં આવી છે.

નોકરી કરતા મધ્યમ વર્ગનાં મહેશભાઇ વાઘેલાને ત્યાં તા.૨૦ માર્ચ ૨૦૨૩ ના રોજ સાહિલનો જન્મ થતાં પરિવારમાં ખુશીની લહેર ઊઠી હતી.

ત્યાર બાદ તા.૨૮ માર્ચ ૨૦૨૩ રોજ જસદણની આર.બી.એસ.કે. ટીમના ડો.કિરણ કુંવારિયા અને ડો. સમર્થ રામાનુજે સાણથલી ખાતે મહેશભાઇ વાઘેલાના ઘરની વિઝીટ કરી સાહિલના સ્વાસ્થ્યનું સ્ક્રિનિંગ કરતાં તેને હૃદયની કોઈ ખામી હોવાનું



જણાયું હતું.

ત્યાર બાદ સાહિલનાં હૃદયની વધુ ચકાસણી માટે સિવીલ હોસ્પિટલ રાજકોટ ખાતે તપાસ કરવા માર્ગદર્શન અપાયું હતું. જ્યાં તેમને હૃદયની ખામી હોવાનુ જણાતા વધુ સારવાર માટે યુ.એન. મહેતા હોસ્પિટલ- અમદાવાદ ખાતે જવા સલાહ આપવામાં આવી હતી.

મધ્યમ વર્ગીય પરિવારમાં આરોગ્યની આફત આવતાં સાહિલના માતા-પિતા પરેશાન થઈ ગયા હતા. ત્યારે આફતમાં ડૂબેલા પરિવારની વહારે સરકાર આવી હતી. અને આર.બી.એસ.કે. ટીમ અને સીવીલ હોસ્પિટલના ડોકટરોની ટીમે શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપી સારવારનો તમામ ખર્ચ સરકાર ઉઠાવશે, તેમ જણાવી સાંત્વના આપી હતી. જેથી સાહિલના માતા-પિતાની આર્થિક મુશ્કેલી દૂર થતાં તેઓ સાહિલની સારવાર લેવા સંમત થયા હતા. ત્યાર બાદ સાહિલને યુ.એન. મહેતા હોસ્પિટલ અમદાવાદ સંદર્ભ કાર્ડ ભરી રીફર કરવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં નિષ્ણાત ડોકટરોની ટીમે નિદાન અને સર્જરી કરી સાહિલનાં હૃદયની ખામી દૂર કરી હતી.

# ખોડીયાર નગરમાં ઘર પાસે કાર પાર્ક કરવાની ના પાડતા યુવક પર હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોવર્ધન ચોક પાસે ખોડીયાર નગર શેરી નંબર ૧૭માં રહેતા રાજભા અજીતસિંહ જાદવ(ઉ.વ.૩૧) એ આરોપી ચંદ્રસિંહ ઉર્ફે ગોવિંદ વાઘેલા ને પોતાના ઘર પાસે બોલેરો ગાડી પાર્ક કરવાની ના પાડતા આરોપી ચંદ્રસિંહે ઉશ્કેરાઈને ગાળો આપી અને લોખંડનુ પાનું ફરિયાદી રાજભાને માથામાં ઝીંકી દીધું હતું જેથી તેમને છ ટાકા આવ્યા હતા તેમજ ત્યાં નજીકમાં જ રહેતા વિજય ડાભીએ આરોપીનું ઉપરાણું લઈ ધમકી આપી હતી કે તમે બચી ગયા હવે તું ભેગો થઈસ તો જાનથી મારી નાખીશ તેમજ રાજભાને ઢીકાપાટુંનો માર મારતા તેમના માતા વચ્ચે બચાવવા પડતા તેમને પણ આરોપીએ ધક્કો મારી દીધો હતો.આ મામલે પોલીસમાં બંને વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. રાજભાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા ૦૪/૦૬ના સાંજના હું. મારા ઘરની બહાર નીકળી મારા પત્ની કાજલને તેડવા માટે જતો હતો તે દરમિયાન હું મારા ઘરની બહાર મારું બાઈક ચાલુ કરતો હતો ત્યારે અમારી પાડોશમાં



રહેતા ચંદ્રસિંહ ઉર્ફે ગોવિંદ વાઘેલાએ તેમની બોલેરો ગાડી મારા ઘરની બહાર મારા ઘરના દરવાજા પાસે પાર્ક કરેલ હતી જેથી મેં આ ચંદ્રસિંહ ઉર્ફે ગોવિંદ વાઘેલાને જણાવેલ કે તમે અમારા ઘરની પાસે તમારી બોલેરો ગાડી શું લેવા પાર્ક કરો છો અમને આવા જવા તમારી ગાડી નડે છે તેવું જણાવતા ચંદ્રસિંહ ઉર્ફે ગોવિંદ વાઘેલા ઉશ્કેરાઈ ગાળો આપી જણાવવા લાગેલ કે તારાથી જે થાય તે કરી લેજે મારી બોલેરો ગાડી તો અહીંયા જ રહેશે. આ ચંદ્રસિંહ ઉર્ફે ગોવિંદ વાઘેલા ઉશ્કેરાઈ જઈ તેની બોલેરો ગાડીમાંથી લોખંડનું પાનું લઈ મને માથાના ભાગે લોખંડના પાનાના બે ઘા મારી દીધેલ હતા જેથી હું નીચે પડી ગયો હતો અને મારા માથામાંથી લોહી નીકળવા લાગ્યુ હતું

તે દરમિયાન આ ચંદ્રસિંહ ઉફે ગોવિંદ વાઘેલાના કુટુંબી ભાઈ વિજય ડાભી મારી પાસે આવી મને કહેવા લાગેલ કે મારા ભાઈ ચંદ્રસિંહ સાથે કેમ ઝઘડો કરે છે તેવું જણાવી આ વિજય ડાભીએ ઢીકાપાટોનો માર મારવા લાગ્યો હતો તે વખતે મેં બૂમાબૂમ કરતા મારી માતા સુમિ-તાબેન અમારા ઘરની બહાર આવી મને છોડાવવા વચ્ચે પડતા આ ચંદ્રસિંહ ઉર્ફે ગોવિંદ વાઘેલા તથા વિજય ડાભી એ મારી માતા સુમિ-તાબેનને ધક્કો મારી નીચે પાડી દીધા હતા ત્યાં ટોળું એકત્ર થઈ જતા આરોપીએ કહ્યું કે આજે તો તું બચી ગયો હવે પછી તું ભેગો થઈશ તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી આ બંને જણાં ત્યાંથી ભાગી ગયા હતા.આ મામલે માલવીયા નગર પોલીસના હેડકોન્સ્ટેબલ કે.જી.ઝાલા તપાસ ચલાવી રહ્યા છે.

# રૂખડિયાપરામાં ૧૧ વર્ષની બાળકી સાથે કૌટુંબિક કાકાએ કર્યા અડપલાં

## પત્ની બિમાર હોવાનું કહી રસોઇ કરવા ઘેર લઇ ગયા બાદ ન ફાવ્યો તો બાળકીના ઘરમાં જ પોત પ્રકાશ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૂખડિયાપરામાં માતા સાથે રહેતી ૧૧ વર્ષીય બાળકી સાથે તેના જ કૌટુંબિક કાકાએ શારીરિક અડપલાં કર્યાની ફરિયાદ નોંધાતાં ચકચાર મચી જવા પામી હતી.

આ અંગે બાળકીની માતાએ પ્ર.નગર પોલીસને જણાવ્યું કે તે તેની બે પુત્રી અને સાંજના સમયે તેનો ભગવતીપરામાં રહેતો કૌટુંબિક દિયર તેમના ઘેર આવ્યો હતો અને પત્ની બીમાર હોવાથી બાળકીને રસોઈકામમાં મદદ કરવા માટે મોકલવા માટે કહેતાં બાળકીની માતાએ નાની પુત્રી અને પુત્રને કૌટુંબિક કાકા સાથે તેના ઘેર મોકલી હતી.

બાળકી પોતાના ઘરમાં આવતાં જ હેવાનકાકાને કબુદ્ધિ સૂઝી હતી અને તેણે ત્યાં બાળકીની નજીક જવાનો પ્રયત્ન પણ કર્યો હતો પરંતુ બાળકીનો ભાઈ સાથે હોય તેની કારી ફાવી ન્હોતી.

આ પછી બાળકી અને તેના ભાઈને તેના ઘેર લઈને આવ્યો હતો પરંતુ અહીં પણ તેનો ભાઈ ઘરમાં જ હોય હિનકક્ષાની પણ પાડોશી આવી જતાં ભાગી ગયો હરકત નહીં થઈ શકે તેવું લાગતાં બાળકને સિગરેટ લેવા માટે બહાર મોકલી દઈને બાળકી પર જબદરસ્તી કરવાનું શરૂ કરી દેતાં બાળકીએ દેકારો કરી મુકતા પાડોશમાં રહેતા લોકો દોડી આવતાં જ કૌટુંબિક કાકાએ મુઠ્ઠી વાળી હતી.

આ અંગેની ફરિયાદ નોંધાતાં જ પોલીસે કૌટુંબિક કાકા સામે ગુનો નોંધી તેને કાયદાનું ભાન કરાવવા માટે દોડધામ શરૂ કરી હતી.

# શ્યામલાલજીની હવેલી એ કાલે એકાદશી નિમિત્તે નાવના દર્શન થશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રની અતિ પ્રાચીન શ્રી શ્યામલાલજીની હવેલીમાં આવતીકાલે નિર્જળા એકાદશી વ્રત ઉજવાશે આ પ્રસંગે સાંજે નાવ મનોરંજન ના દર્શન ૬૩૦ વાગે થશે તો સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવાયું છે તેનું સ્થળ શ્રી શ્યામલાલજી ની હવેલી (જુની સદર ની હવેલી ) પંચનાથ મંદિર મેઇન રોડ જય સીયારામ પેંડાવાળા ની સામે રાજકોટ મો ૮૫૧૧૭૬૩૭૬૩ રહેશે



MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ધોરાજીમાં થયેલી ચોરીનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલાયોઃ રૂ.૧.૫૦ લાખની મત્તા સાથે તસ્કરની ધરપકડ





## જેતપુરમાં ચોરાઉ બાઇક સાથે પરપ્રાંતિય શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધોરજી પોલીસે ગણતરીની કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી નાખી તસ્કરને દબોચી લઇ રૂ.૧.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે જયારે જેતપુર પોલીસે ચોરાઉ બાઇક સાથે એક પરપ્રાંતિય શખ્સને દબોચી લઇ રૂ.૨૦ હજારની કિંમતનું બાઇક કબ્જે કર્યું છે.

આ અંગેની માહિતી મુજબ ધોરાજી સીટી પોલીસ સ્ટેશનના પીઆઇ કે.એસ.ગરચરની સુચનાથી પીએસઆઇ પી.કે.ગોહિલ તથા હેડ કોન્સ. નિલેષભાઇ તથા વાસુદેવસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ધોરાજીમાં થયેલી ચોરીનો આરોપી મુદ્દામાલ સાથે નડિયા કોલોનીમાં હોવાની હકિકત મળતા પોલીસે જુના ઉપલેટા રોડ પરથી સાજીદ ઉમરમીયા નાગાણી નામના શખ્સને દબોચી લઇ રૂ.૧.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

અન્ય એક બનાવમાં જેતપુર સીટી પોલીસના પીઆઇ વી.એમ.ડોડિયાની સુચનાથી પીએસઆઇ જી.બી.જાડેજા, એએસઆઇ ભાવેશભાઇ સહિતનો સ્ટાફ કોમ્બીંગ નાઇટ રાઉન્ડમાં હતા ત્યારે જેતપુરના ધોરાજી રોડ કેનાલ જવાના રસ્તે એક શખ્સ બાઇટ નંબર જીજે૦૩બીજે૨૬૦ લઇને નિકળતા પોલીસે તેને અટકાવી નામઠામ પુછતા પોતે સંતોષી ગોપાલસિંહ ઠાકુર (રહે. જેતપુર, ગુજરાતી વાળી, મુ. વતન યુપી)ની અટકાયત કરી બાઇક અંગે પુછપરછ કરતા બાઇક ચોરીનુ હોવાનું માલુમ પડતા પરપ્રાંતિય શખ્સની ધરપકડ કરી રૂ.૨૦ હજારની કિંમતનું બાઇક કબ્જે કર્યું હતું.

# ટંકારા જુગાર કલબ તોડકાંડના ભાગેડુ પી.આઈ. ગોહિલની ધરપકડ

## પીઆઈને કચ્છથી ઝડપી લેતી એસએમસી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટંકારા જુગારકલબમાં તોડ પ્રકરણમાં છેલ્લા સાડા પાંચ મહિનાથી તત્કાલીન પીઆઈ વા.કે.ગોહિલને કચ્છ નજીક એક ગામમાંથી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ઝડપી લીધા છે. ભાજપના મંત્રી સાથે નજીકનો સંબંધ ધરાવતાં સસ્પેન્ડેડ પીઆઈ ગોહિલની પુછપરછમાં મોટા ખુલાસા થઈ શકે છે. ગત ૨૬ ઑક્ટોબર ૨૦૨૪ની મોડી રાતે રાજકોટ-મોરબી હાઈવે પર આવેલી કમ્ફર્ટ હોટલમાંથી ટંકારા પોલીસ જુગાર કલબ પકડી હતી. ટંકારા પોલીસ સ્ટેશનના પીઆઈ વાય. કે. ગોહિલની રૂબરૂ ૧૦ લોકો સામે જુગારનો કેસ નોંધવામાં આવે છે. ૧૨ લાખ રૂપિયા રોકડા, ૮ મોબાઈલ ફોન, બે ફોર્ચ્યુનર કાર અને પ્લાસ્ટીકના કોઈન મુદ્દામાલ સ્વરૂપે કબજે લેવાય છે. બેએક દિવસમાં જ





ટંકારા પીઆઈ ગોહિલે જુગાર કેસમાં મોટો તોડ કર્યો હોવાની માહિતી ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચે છે. જેના પગલે રાજકોટ રેન્જ આઈજી અશોક કુમાર યાદવે ( પીઆઈ વાય. કે. ગોહિલને લીવ રિઝર્વમાં અને હેડ કોન્સ્ટે બલ મહિપતસિંહની બદલી કરી હતી.

આ પ્રકરણમાં ડીજીપી વિકાસ સહાય પાસે તાડકાંડની વાત પહોંચતા તેઓ સ્ટેટ મોનિટરિંગ સેલના ડીઆઈજી નિર્લિમ રાયને તપાસનો આદેશ આપે છે. ટંકારા પોલીસના ચોપડે નોંધાયેલા કથિત જુગાર કેસના આરોપીઓના નિવેદન નોંધવાની શરૂઆત થતાંની સાથે જ ને કેટલીક ચોંકાવનારી વિગતો જાણવા મળે છે. હોટલ કમ્ફર્ટના સીસીટીવી ફૂટેજ તેમજ રાજકોટ ખાતેના કેટલાંક સ્થળોના પુરાવા તરીકે લેવાય છે. જુગાર કેસમાં મીડિયાને નામ નહીં આપવાની શરતે તેમજ આરોપી/મોબાઈલ ફોનની ફેરબદલ કરવા માટે ડઈ ગોહિલ જુદાજુદા તબક્કામાં ૬૩ લાખ રૂપિયા મગાવે છે. ૬૩ લાખ પૈકીની રોકડમાંથી ૧૨ લાખ જુગારના હોવાનું દર્શાવી તત્કાલિન પીઆઈ વાય.કે. ગોહિલ અને હેડ કોન્સ્ટેબલ મહિપતસિંહ સોલંકી બાકીના ૫૧ લાખ રૂપિયા ઓળવી ગયા હોવાની વિગતો સામે આવતા ના પીઆઈ આર. જી. ખાંટ સરકાર તરફે ફરિયાદ કરે છે. પીઆઈ ગોહિલ અને હેડ કોન્સ્ટેબલ મહિપતસિંહ સોલંકી સામે ગુનો નોંધાયા બાદ બન્ને ફરાર થઈ જતાં તેમને વોન્ટેડ જાહેર કર્યા હતાં. બનાવના સાડા પાંચ માસ બાદ ૧૨ દિવસ પૂર્વે ફરાર હેડ કોન્સ્ટે બલ મહિપતસિંહ ડી.વાય.એસ.પી. વિશાળ રબારી સમક્ષ શરણાગતિ સ્વીકારી હતી. ત્યારબાદ ભાગેડુ તત્કાલીન પીઆઈ ગોહેલ કચ્છમાં છુપાયા હોવાની માહિતીને આધારે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે કચ્છથી સસ્પેન્ડડ પીઆઈ વાય.કે. ગોહિલની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

# મોરબીમાં હેડ કોન્સ્ટેબલ ૨.૩૫ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

જાગૃત નાગરિકે ફરિયાદ કરતા આરોપી મોરબી સિટી એ ડિવિજન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ હિતેષભાઈ સુખાભાઈ મકવાણાએ ફરિયાદી પાસેથી અરજી ન લેવા અને તેનો નિકાલ કરવા બે લાખ પાત્રિસ હજારની માંગણી કરી હતી. આરોપીએ દલવાડી ચાર રસ્તા મોરબી ખાતે આવેલ સુરેશ પાન પાર્લરની બાજુમાં આવેલ રોડ પર ફરિયાદી સાથે વાતચીત કરી રૂ. ૨.૩૫ લાખની લાંચ લેતા અમદાવાદ એસીબી ટીમ દ્વારા પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



મોરબી સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હિતેષભાઈ સુખાભાઈ મકવાણાએ ફરિયાદી પાસેથી લાંચ લેતા પકડાયાં છે. જેમાં ફરીયાદીએ તા.૦૬/૦૯/૨૦૨૪ ના રોજ મોરબી જીલ્લાના ગામ નાની વાવડી ખાતે પ્લોટ ખરીદ કર્યો હતો. જે પ્લોટ બાબતે નગર દરવાજા પોલીસ ચોકી ખાતે ખોટી રીતે દસ્તાવેજ કર્યા બાબતે એક અરજી આવી હતી. જે અરજીમાં ગુનો દાખલ ન કરવા અને આ અરજીનો નિકાલ કરવા આરોપી ફરીયાદી પાસે રૂ. બે લાખ પચાસ હજારની લાંચની માંગણી કરી રકઝક નાં અંતે રૂ.૨,૩૫,૦૦૦/- લાંચની રકમ આપવાનું નક્કી કર્યું હતું. જે લાંચની રકમ ફરીયાદી આપવા માંગતા ન હોય જેથી એ.સી.બી.નો સંપર્ક કરી ફરીયાદીએ ફરીયાદ આપતા, આજ રોજ જ લાંચનુ છટ્કુ ગોઠવતા આરોપીએ ફરીયાદી સાથે રૂબરૂ મોરબીના દલવાડી ચાર રસ્તા ખાતે આવેલ સુરેશ પાન પાર્લરની બાજુમાં રોડ પર હેતુલક્ષી વાતચીત કરી લાંચ પેટે રૂ૨,૩૫,૦૦૦/-લાંચની રકમ સ્વીકારતા રંગે હાથ પકડાઈ ગયા છે. આરોપી પોલીસ કોન્સ્ટેબલ હિતેશભાઈ સુખાભાઈ મકવાણાને એ.સી.બી.એ ડીટેન કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં ટ્રેપિંગ અધિકારી તરીકે ગુજરાત રાજ્ય, અમદાવાદના એ.સી.બી. ફીલ્ડ-૧ પોલીસ ઈન્સ્પેક્ટર એ.કે.ચૌહાણ તેમજ તેમની ટીમ અને મદદમાં એ.સી.બી., ફિલ્ડ-૨, ગુજરાત રાજ્ય, અમદાવાદ પોલીસ ઈન્સ્પેક્ટર એન.બી.સોલંકી તેમજ સુપર વિઝન અધિકારી તરીકે એ.સી.બી., ફિલ્ડ-૧, ગુજરાત રાજ્ય, અમદાવાદ મદદનિશ નિયામક જી.વી.પઢેરીયા દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

# થોરાળામાં પોલીસ પર હુમલો કરનાર વધુ એક શખ્સ પાસામાં ધકેલાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

થોરાળા વિસ્તારમાં અનેક વાર મારામારી તથા પોલીસ પર હુમલો કરી ફરજ રૂકાવટ કરનાર નામચીન શખ્સને પોલીસે દબોચી લઇ પાસામાં સુરત જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ થોરાળા પોલીસ મથકના પીઆઇ જી.એન.વાધેલાની સુચનાથી પીએસઆઇ એમ.એસ.મહેશ્વરી તથા એચઇ જીજાળા તથા હેડ કોન્સ. ભરતસિંહ અને ભરતભાઇ સહિતના સ્ટાફે અગાઉ અનેકવાર મારામારી, હત્યા, પ્રાયોટીંગ, ધમકી, દુષ્કર્મ અને પોલીસ પર હુમલો કરી ફરજરૂકાવટ સહિતના ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુકેલો થોરાળા મેઇન રોડ પર ગુરૂ બાલક સાહેબની જગ્યા પાસે રહેતો નામચીન કેવલ કિશોર સોંદરવા નામના શખ્સને અટકાયતમાં લઇ તેના પાસાના કાગળો તૈયાર કરી





પીસીબી શાખાને મોકલાવતા ઇન્ચાર્જ પીઆઇ એમ.જે.હુણ, એએસઆઇ રાજુભાઇ સહિતના સ્ટાફે પાસાની દરખાસ્ત તૈયાર કરીને પોલીસ કમિશનરને મોકલાવતા તેના પર કમિશનર બ્રજેશકુમાર ઝા એ મહોર લગાવી દેતા અને પાસાનું વોરંટ ઇશ્યુ કરતા આ નામચીન શખ્સને સુરત જેલમાં પાસામાં ધકેલી દેવામાં આવ્યો હતો.

# બામણબોર પાસે કારમાંથી ૬૮ હજારનો દારૂ ઝડપાયો



## ૭૦ હજાર ચપલા સાથે વાવડીમાં શખ્સ પકડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

એરપોર્ટ પોલીસ મથકના પીએસઆઇ એસ.એસ. જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન એરપોર્ટથી બામણબોર તરફ જવાના રસ્તે એક કારનો આગળનો કાચ અને સાઇડનો કાચ તૂટલો હોય અને કારમાં એક શખ્સ બેઠેલો હોય જેથી શંકાસ્પદ લાગતા પૂછપરછ કરતા કારની ડીકીમાં દારૂ ભરેલો હોવાનું જાણવા મળતા પોલીસે કારમાંથી વિદેશી દારૂની બોટલ નં.૬૦ (કી. ૬૮૪૦૦) મળી આવતા કાર ચાલક પૃથ્વીરાજ વિરાભા માણેક (રે.સુરજ કરાડી તા.મીઠાપુર)ની ધરપકડ કરી દારૂ અને કાર મળી કુલ રૂા.૧,૭૩,૪૦૦નો મુદામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જો કે, કારના કાચ તૂટેલા હોય અકસ્માત થયો કે શું? તે અંગે પોલીસે કોઇ માહિતી આપી ન હતી. જયારે બીજા દરોડામાં તાલુકા પોલીસ મથકના પીઆઇ ડી.એચ.હરીપરાની સુચનાથી પીએસઆઈ એમ.એચ. મહારાજ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમા હતો. દરમિયાન એએસઆઇ હરપાલસિંહ જાડેજા, રિવભદ્રસિંહ ગોહિલને મળેલી ચોક્કસ બાતમીના આધારે વાવડી મેઇન રોડ પર પુનિતપાર્ક શેરી નં.૫માં હિતેષ પરમારના રહેણાંક મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂના ચપલા નં.૪૨૯ કિ.૭૦૩૯૦) મળી આવતા પોલીસે દારૂ અને મોબાઇલ મળી કુલ રૂ.૮૦૩૯૦નો મુદામાલ કબજે કરી આરોપી હિતેષ કિશોરભાઈ પરમાર (રે.આંબડેકનગર ૧૫૦ ફૂટ રીંગરોડ)ને ઝડપી લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ટંકારાની લૂંટ કેસમાં ચોથો આરોપી પાલીતાણા આશ્રમમાંથી ઝડપાયો



**મુખ્ય સમાચાર, મોરબી**

૨૧ મે ના રોજ ટંકારા ખજુરા હોટલના ગ્રાઉન્ડમાં થયેલ ૯૦ લાખની લુંટના ગુન્હામાં વધુ એક આરોપીને રોકડ રૂ.૧,૦૦,૦૦૦/-ના મુદામાલ સાથે ટંકારા પોલીસે પકડી પાડયો છે. ટંકારા પોલીસે આરોપી હિતેષ ચાવડાને ભાવનગર જીલ્લાના પાલીતાણા તાલુકાના દુધાળા ગામની સીમમા આવેલ શ્રી વિજાઆપાના આશ્રમ ખાતે હોવાની બાતમીને આધારે પકડી પાડયો છે.જે આરોપીને પકડી પૂછપરછ કરતા પકડાયેલ આરોપીએ ફિલ્મી ઢબે કરેલી લૂંટની સમગ્ર ઘટના પોલીસ સમક્ષ વર્ણવી ચોંકાવનારી કબૂલાત આપી હતી.

ગત તા.૨૧/૦૫/૨૦૨૫ ના રોજ ફરિયાદી નિલેષભાઈ મનસુખભાઈ ભાલોડી અને જયસુખભાઈ સુંદરજીભાઈ ફેફર રાજકોટ આવેલ ટી. એન્ટરપ્રાઈઝ (ટીટેનીયમ) નામની આંગડીયા પેઢીના રોકડા રૂપીયા ૯૦ લાખ સાથે કાર લઈ રાજકોટ થી મોરબી આવતા હતા.ત્યારે એક બલેનો કાર તેમજ પોલો કારથી લૂંટારૂઓએ પીછો કરી ફરિયાદીની કાર ને ઠોકર મારી છરી, લાકડાના ધોકા, પાઈપ જેવા હથિયાર વડે ફરીયાદી પર હુમલો કરી રોકડા રૂપીયા ૯૦,૦૦,૦૦૦/- ની લુંટ કરી નાશી ગયા હતા.જેથી ફરીયાદીએ સાતેક અજાણ્યા ઇસમો સામે ટંકારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે ગુન્હામાં નાકાબંધી દરમ્યાન અભિભાઈ લાલાભાઇ અલગોતર, અભીજીતભાઈ ભાવેશભાઈ ભાર્ગવ (રહે. બન્ને ભાવનગર)વાળાઓ પાસેથી રોકડા રૂ.૭૨,૫૦,૦૦૦/-

### રાજસ્થાનથી ઘડાયો લૂંટનો પ્લાન! લૂંટને રેડ તરીકે સંબોધન કરતા હતા લૂંટારા!

તથા અન્ય મુદામાલ મળી કુલ કિ.રૂ.૮૧,૫૦,૦૦૦/- નો મુદામાલ કબજે કરવામાં આવેલ હતો. જેની પૂછપરછમાં ગુન્હામાં લુંટ કરનાર આરોપીઓને આશરો આપનાર તેમજ માહીતી આપનાર ટંકારા તાલુકાના જબલપુર ગામની સીમમાં આવેલ બાલાજી કોઈર કારખાનાનું સંચાલન કરનાર દિગ્વીજયભાઈ અમરશીભાઈ ઢેઢી વાળાની સંડોવણી સામે આવતા તેની પણ ધરપકડ કરવામાં આવી હતી. સાથે જ આ લૂંટ પ્રકરણમાં હીતેષભાઈ ચાવડા, નિકુલભાઈ અલગોતર, દર્શીલ ભરવાડ, અલ્પેશ પરમાર, મેહુલ ઉર્ફે કાનો આહીર વિગેરે નામ ખુલ્યા હતા.

આ કેસમાં અગાઉઆ ત્રણ આરોપી ઝડપાઈ ચૂક્યા છે અને તેની તપાસ દરમ્યાન આરોપી હિતેષ ચાવડા ભાવનગર જીલ્લાના પાલીતાણા તાલુકાના દુધાળા ગામની સીમમા આવેલ શ્રી વિજાઆપાના આશ્રમ ખાતે હોવાની બાતમી પોલીસને મળતા પીઆઇ સહિતનાઓએ અલગ અલગ બે ટીમો બનાવી દુધાળા ગામની સીમમાં આવેલ વિજાબાપાના આશ્રમ ખાતે સર્ચ હાથ ધરી આરોપી હિતેષભાઈ પાંચાભાઈ ચાવડા ને લુંટ કરેલ રોકડા રૂપીયા પૈકી રોકડ રૂ.૧,૦૦,૦૦૦/- ના મુદામાલ સાથે ધરપકડ કરી હતી.

આરોપી હિતેશ ચાવડાની પુછપરછ દરમ્યાન પોતે તેમજ સહ આરોપી પરેશ જોગરાણા, દર્શીલ બોલીયા અને અન્ય એક વ્યકિત એમ બધા રાજસ્થાન ખાતે ફરવા ગયા હતા.તે દરમ્યાન પોતાના મિત્ર સહ આરોપી અલ્પેશ પરમાર, મેહુલ ઉર્ફે કાનો આહીરે જણાવ્યું હતું કે, રાજકોટ થી મોરબી દરરોજ આંગડીયા પેઢીના મોટી માતબર રકમ ભરેલ કાર જાય છે. જે કારને આંતરી લુંટ કરવાની છે. તેમ વાત કરી અલ્પેશ પરમારે મોબાઇલ ફોનમાં લોકેશન મોકલ્યું હતું.જે લોકેશન આધારે આરોપી હીતેશ ચાવડા, પરેશ જોગરાણા, દર્શીલ બોલીયા એમ ત્રણેય રાજસ્થાન ખાતેથી સીધા ટંકારા તાલુકાના જબલપુર ગામની સીમમાં આવી આરોપી દિગ્વિજય ના બાલાજી કોઇર નામના કારખાને તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ આવેલ જ્યાં અલ્પેશ પરમાર, મેહુલ ઉર્ફે કાનો આહીર તથા કારખાનેદાર દિગ્વીજય પટેલ હાજર હતા.જે બધા સાથે મળી લુંટનો આખો પ્લાન બનાવી અને તા. ૨૦/૦૫/૨૦૨૫ ના રોજ ટંકારા ખાતેથી આરોપી હીતેશ ચાવડાની બલેનો કાર લઈ રાજકોટ બેડી ચોકડીએ આંગડીયા પેઢીની કારની રેકી કરી હતી. પરંતુ એક કારથી લુંટ શકય ન હોય અને વધુ માણસોની જરૂરીયાત જણાતા આરોપી હીતેશ ચાવડાએ પોતાના મિત્રો અભિભાઈ અલગોતર, અભીજીતભાઈ ભાવેશભાઈ ભાર્ગવ, નિકુલભાઈ અલગોતર રહે. ત્રણેય ભાવનગર વાળાઓને પોલો કાર સાથે ટંકારા ખાતે બોલાવી તમામ આરોપીઓએ બાલાજી કોઈર કારખાને ફરીથી લુંટનો પ્લાન બનાવી કારખાનેથી લાકડાના ધોકા, છરી, પાઈપ જેવા હથિયાર સાથે લઇ તા.૨૧/૦૫/૨૦૨૫ ના રોજ કુલ પ્રૂફ પ્લાન સાથે ફરીયાદીની પૈસા ભરેલ XUV-300 નં. GJ-03-NK-3502 વાળીને મિતાણા ગામ પાસે ચામુંડા હોટેલ નજીક પોલો કારથી ઠોકર મારતા કાર ઉભી ન રહેતા જેથી બલેનો કારથી પકડાયેલ આરોપી હીતેશ ચાવડાનાએ પીછો કરી ફરીયાદીની ગાડીને ટકકર મારી અટકાવી લુંટ કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. જે ગુનાના વોન્ટેડ આરોપીઓને આશરો આપનારા તેમજ ગુનામાં મુદ્દામાલની લુંટમાં મદદ કરનારા બીજા પણ માણસો સંડોવાયેલા હોવાની શક્યતા હોય જે તમામ દિશામાં આરોપીઓ શોધવાની કાર્યવાહી ચાલુમાં છે.

# ગોંડલના પીઆઈ સામે ગુનો નોંધવા સહીતની માંગ સાથે દલીત સંમેલન ૧૮મીએ યોજાશે

## એડવોકેટ દિનેશ પાતર સામેના ગુના રદ કરવાની માંગ કરાશેઃ ચર્ચાસ્પદ બન્ની ગજેરા કાંડમાં મદદગારી અંગે દિનેશભાઈ સામે પોલીસે ખોટા ગુના નોંધ્યાના આક્ષેપ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ચકચારી બનેલા બન્ની ગજેરા કાંડ માં મદદગારી અંગે જેની સામે ચાર પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાઈ હતી તેવા ગોંડલ નાં દિનેશભાઈ પાતર સામે પોલીસે ખોટા ગુન્હા નોંધ્યા હોવાનું અને આ માટે એલસીબી પીઆઈ.વી.વી.ઓડેદરા તથા તાલુકા પીઆઈ. એ.ડી.પરમારે કાવત્રુ ઘડ્યાનું જણાવી આ મુદ્દે આક્રોશ જતાવવા ગોંડલ ખાતે આગામી તા.૧૮ બુધવાર નાં દલીત સંમેલન નુ એલાન કરાયુ હોય ગોંડલ ફરી એકવાર ચર્ચા માં આવ્યુ છે. જુનાગઢ જીલ્લા સમસ્ત અનુ.જાતી સમાજ પ્રમુખ દેવદાનભાઈ મુછડીયા એ જણાવ્યુ કે ગોંડલ નાં એડવોકેટ દિનેશભાઈ પાતર ને એલસીબી પીઆઈ ઓડેદરા તથા તાલુકા પીઆઈ પરમારે ચાર ચાર ખોટા ગુન્હામાં ફીટ કરી દિનેશભાઈ ની કારકીર્દી પુરી કરી દેવાનુ ષડયંત્ર રચ્યુ છે. આ બન્ને પોલીસ ઈન્સ્પેક્ટર સામે ગુન્હા દાખલ કરવા તથા દિનેશભાઈ સામેનાં ખોટા ગુન્હા રદ કરવાની માંગ સાથે ગોંડલમાં ડો.આંબેડકર ની પ્રતિમા પાસે દલિત સંમેલનનુ આયોજન કરાયુછે.જેમા સૌરાષ્ટ્રનાં બારેય જીલ્લામાં થી યુવાનો બાઈક લઈ ઉમટી પડશે. ઉપરાંત ગુજરાત ભરમાંથી પણ દલીત સમાજ મોટી સંખ્યા માં સંમેલન માં ઉપસ્થિત રહેશે.તેમણે ગોંડલ ખાતેનાં સંમેલન માં એકલાખ લોકો હાજરી આપશે તેવો દાવો કર્યો હતો.

ઉલ્લેખનીય કે ચર્ચાસ્પદ યુટુબર બન્ની ગજેરાએ ગોંડલ નાં જાહેર જીવનનાં કેટલાક આગેવાનો સામે તેમની પ્રતિષ્ઠા ને હાની પંહોચે તે પ્રકારે અભદ્ર ટિપ્પણીઓ કરી હોય બન્ની સામે ગોંડલ સીટી,તાલુકા, સુલતાનપુર પોલીસ સ્ટેશન માં ફરિયાદો થઈ હતી.જેમાં મદદગારી અંગે ગોંડલ નાં દિનેશભાઈ પાતર ની પણ ધરપકડ કરાઈ હતી.દરમિયાન પોલીસે ટોર્ચર કરયાનાં દિનેશભાઈ પાતરે આક્ષેપો કર્યા હોય મામલો ગરમાયો હતો. હવે આ મુદ્દે ગોંડલ માં સંમેલન યોજાઈ રહ્યુ હોય ગોંડલ ફરી એકવાર ચર્ચા માં આવ્યુ છે.

# દ્વારકા ગોમતી નદીમાં નહાવા પડેલા ૬ યાત્રાળુ ડુબ્યાઃ ૧ તરૂણીનું મોત

## અન્ય ૨ મહિલા પ્રવાસી ગંભીરઃ પાંચને તરવૈયાઓએ મહામહેનતે બચાવ્યા

**મુખ્ય સમાચાર, જામ ખંભાળિયા**

દ્વારકાની પવિત્ર ગોમતી નદીમાં છેલ્લા કેટલાક દિવસોથી ડૂબી જવાના બનાવો બની રહ્યા છે. થોડા દિવસ અગાઉ ૮૫ વર્ષના એક વૃદ્ધે પણ નાહવા જતા પોતાનો જીવ ગુમાવ્યો હતો. ત્યારે આજે ગોમતીમાં છ જેટલા લોકો નાહવા પડતા ડૂબવા લાગ્યા હતા અને એક તરુણીનું મૃત્યુ થયું હતું.

હાલમાં દરિયાની અંદર લો પ્રેશર સર્જાતા પાણીમાં કરંટ વધી જાય છે. જેથી દરિયા અંદર તેમજ ગોમતીના પાણીના પ્રવાહમાં તેજ ગતિ હોય છે. બહારગામથી આવતા યાત્રીકો આ બાબતે અજાણ હોય અને ગોમતી નદીમાં નાહવા પડતા, તેમાં તણાવા લાગે છે અને જેમા અનેક વખત લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

આવી જ રીતે દ્વારકામાં દર્શનાર્થે આવેલ જામનગરના કેટલાક પરિવારજનોમાં છ જેટલા લોકો ગોમતી નદીમાં ન્હાવા ઉતર્યા હતા. થોડી જ વારમાં આ લોકો ગોમતીના સામે પાર પાણીના વહેણમાં ડુબવા લાગ્યા હતા. આથી



ઘાટ ઉપર રહેલા સ્થાનિકો દ્વારા ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી અને ફાયર આવે તેની સાથે સ્થાનિક લોકો તેમજ એક ઉંટ ચાલક ગોમતીના પાણીમાં આ તમામ લોકોને બચાવવા ગયા હતા. અહીં તરવૈયાઓ વિગેરેની અથાગ જહેમત બાદ આ તમામ યાત્રાળુઓને ગોમતીના પાણીમાંથી બહાર કાઢી ૧૦૮ મારફતે દ્વારકાની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જેમાં ભાગ્યેશ્વરી નામની આશરે ૧૬ વર્ષની તરુણીનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર થયું હતું. આ ઉપરાંત અન્ય બે મહિલાઓ ગંભીર હોવાથી તેઓને વધુ સારવાર અર્થે જામનગર ખસેડવામાં આવ્યા છે. આ કરુણ બનાવે યાત્રાળુ પરિવારમાં શોકની લાગણી પ્રસરાવી છે.

# ચોટીલાનો સુંથારિયા ગામે પિતરાઈ ભાઈ-બહેનનો સજોડે ગળાફાંસો ખાય આપઘાત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચોટીલા તાલુકાના ગોલીડા ગામે રહેતો અને ૨ બાળકોનો પિતા ૨૬ વર્ષીય યુવાન અને કંથારીયા ગામે રહેતી અપરણીત ૨૨ વર્ષની યુવતીની વીડ વિસ્તારમાં વૃક્ષ સાથે ગળેફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવી હતી. બનાવની જાણ થતા પોલીસ દોડી ગઈ હતી અને લાશને પીએમ માટે મોકલી આપી હતી. આપઘાત કરતા મામા-ફઈના ભાઈ-બહેન થતા હોવાનું સામે આવ્યુ છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ચોટીલા તાલુકામાં પ્રેમી પંખીડાના આપઘાતના બનાવો અવારનવાર સામે આવે છે. રાજકોટ, નજીકમાં આવેલા જસદણ સહિત સ્થળોએથી ચોટીલામાં આવી પ્રેમી પંખીડાઓ સજોડે ફાની દુનીયાને અલવીદા કહે છે. ત્યારે પ્રેમી પંખીડાનો વધુ એક આપઘાતનો બનાવ સામે આવ્યો છે. મળતી માહીતી મુજબ ચોટીલા તાલુકાના ગોલીડા ગામે રહેતા ૨૬ વર્ષીય વનરાજભાઈ પ્રેમજીભાઈ રંગપરા પરણીત છે. તેઓને ૨ સંતાનો છે. તેમને ચોટીલા તાલુકાના કંથારીયા ગામે રહેતી ૨૨ વર્ષીય અસ્મીતાબેન બાબુભાઈ ઝીંઝરીયા સાથે આંખ મળી ગઈ હતી. બન્ને મામા-ફઈના સંતાનો હોઈ ભાઈ-બહેન થતા હોઈ સમાજ આ પ્રેમને સ્વીકારશે નહી તેની તેઓને જાણ થઈ હતી. ત્યારે રવીવારે રાત્રે બન્ને પોતાના ઘરેથી ફરાર થઈ ગયા હતા. અને તા. ૨ જુનને સોમવારે સવારે કંથારીયા ગામના વીડ વિસ્તારમાં વૃક્ષ સાથે દોરડુ બાંધીને બન્નેએ આપઘાત કરી લીધો હતો. ગામના સરપંચે આ અંગે નાની મોલડી પોલીસને જાણ કરાતા પીઆઈ એન.એસ.પરમારના માર્ગદર્શનથી એએસઆઈ ધારાબેન ધ્રાંગીયા સહિતનાઓ દોડી ગયા હતા. અને લાશને પીએમ માટે સરકારી દવાખાને મોકલી અકસ્માતે મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.